**આજનો સુવિચાર**

ભાગ્ય બદલાય કે ન બદલાય પરંતુ સમય જરૂર બદલાય છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧૧૭ જૂનાગઢ તા.૪-૫-૨૦૨૩ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 117, Junagadh : Date : 4 May, 2023, Thursday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

## આજે ગોવા ખાતે SCO બેઠકનો પ્રારંભ : ૧૨ વર્ષ બાદ પાક. વિદેશમંત્રી ભારતની મુલાકાતે

પણજી તા. ૪

શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશનના વિદેશ મંત્રીઓની બે દિવસીય બેઠક આજથી ગોવામાં શરૂ થઈ રહી છે, જેની યજમાની ભારત કરી રહયું છે. બેઠકમાં સામેલ સભ્ય દેશોઆ સંમેલનમાં પ્રાદેશિક પડકારો અને રાજકીય ઉથલપાથલ અંગે ચર્ચા કરશે.

ભારત એવા સમયે આ સંમેલનનું આયોજન કરી રહ્યું છે જયારે પૂર્વી લદ્દાખમાં ચીન સાથે સરહદ વિવાદ વધી ગયો છે, સંબંધો અત્યંત તંગ છે. યુક્રેન યુદ્ધના કારણે પશ્ચિમી દેશો સાથે રશિયાનો તણાવ પણ વધી ગયો છે. એ જ રીતે ચીનની વિસ્તરણવાદી નીતિ દરેકને ચિંતામાં મૂકી રહી છે.

કોન્ફરન્સ દરમિયાન ચીનના વિદેશ મંત્રી કિન ગેંગ, રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લવરોવ અને પાકિસ્તાનના વિદેશ મંત્રી બિલાવલ ભુટ્ટો ઝરદારી આ બેઠકમાં ભાગ લેશે. ભારતના વિદેશ મંત્રી એસ જયશંકર આ બેઠકની અધ્યક્ષતા કરશે.

પાકિસ્તાનના વિદેશ મંત્રી બિલાવલ ભુટ્ટો ઝરદારી શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશનના વિદેશ મંત્રીઓની બેઠકમાં ભાગ લેવા માટે આજે ભારત પહોંચી રહયા છે તેઓ ૧૨ વર્ષ બાદ ભારતની મુલાકાત લેનારા પાકિસ્તાનના પ્રથમ વિદેશ મંત્રી હશે. અગાઉ ૨૦૧૧માં પાકિસ્તાનના પૂર્વ વિદેશ મંત્રી હીના રબ્બાની ખાર ભારત આવ્યા હતા.

તે જ સમયે ૪-૫ મેના રોજ યોજાનારી SCO બેઠક સિવાય વિદેશ મંત્રી એસ જયશંકર રશિયા અને ચીનના વિદેશ મંત્રીઓ સાથે દ્વિપક્ષીય બેઠક પણ કરી શકે છે. વિદેશ મંત્રાલયે ગુરુવારે આ અંગે જાણકારી આપી હતી. રશિયા અને ચીનના વિદેશ મંત્રીઓ અગાઉ માર્ચમાં જી-૨૦ની બેઠક માટે ભારત આવ્યા હતા.

## જમ્મુ-કાશ્મીરનાં કિશ્તવાડમાં આર્મીનું હેલિકોપ્ટર ક્રેશ એક પાયલોટ શહિદ

જમ્મુ તા. ૪

જમ્મુ કાશ્મીરના કિશ્તવારમાં ભારતીય સેનાનું હેલિકોપ્ટર ક્રેશ થયું છે. આ હેલિકોપ્ટરમાં કમાન્ડિંગ ઓફિસર સહિત ત્રણ ઓફિસર અને એક પાયલોટ સવાર હતા. જેમાંથી એક પાયલોટ શહિદ થયા છે. હેલિકોપ્ટર કેવી રીતે ક્રેશ થયું, તેમાં સવાર ઓફિસરોના નામ શું હતા, તે તમામ વિગતો મેળવાઈ રહી છે.

ભારતીય સેના દ્વારા આપવામાં આવેલી પ્રારંભિક માહિતી અનુસાર, સેનાનું ALH ધ્રુવ હેલિકોપ્ટર કિશ્તવાડ જિલ્લામાં ક્રેશ થયું છે, જે ચેનાબ નદીમાં પડ્યું છે. આ હેલિકોપ્ટરમાં બે પાયલટ અને એક કમાન્ડિંગ ઓફિસર હતા.

ભારતીય સેનાનું ALH ધ્રુવ હેલિકોપ્ટર કેવી રીતે ક્રેશ થયું તેની કોઈ માહિતી મળી નથી. જો કે, એવું કહેવામાં આવી રહ્યું છે કે તેની પાછળનું એક કારણ હવામાન હોઈ શકે છે. હકીકતમાં, જમ્મુ-કાશ્મીરના ઘણા વિસ્તારોમાં છેલ્લા ઘણા દિવસોથી વાદળછાયું વાતાવરણ છે અને વરસાદ પણ થઈ રહ્યો છે. એટલા માટે અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે હવામાનના કારણે આ દુર્ઘટના બની હશે. જોકે હજુ સુધી સેના તરફથી કોઈ માહિતી આપવામાં આવી નથી.

## અમેરીકામાં વ્યાજદરમાં ફરીવાર વધારો કરાયો : ૧૬ વર્ષની સર્વોચ્ચ સપાટીએ પહોંચ્યો : સોના-ચાંદીનાં ભાવમાં ભડકો



મુંબઈ તા.૪ : મોંઘવારીને કાબુમાં લેવાના પ્રયાસમાં અમેરિકાએ વ્યાજદર વધારાનો સિલસિલો જારી રાખ્યો હોય તેમવધુ ૦.૨૫ ટકાનો વ્યાજદર વધારો કર્યો હતો. આ સાથે અમેરિકામાં વ્યાજદર છેલ્લા ૧૬ વર્ષની સર્વાધિક ઉંચાઈએ પહોંચી ગયો છે. વ્યાજ-અર્થતંત્ર સહિતના ઘટનાક્રમોની અસરે સોનામાં તોતીંગ ભાવવધારો થયો હતો અને નવી ઉંચાઈએ પહોંચ્યો હતો.

અમેરિકી ફેડરલ રિઝર્વની બેઠકમાં વ્યાજદરમાં વધુ ૦.૨૫ ટકાનો વધારો કરવાનો નિર્ણય લેવાયો હતો તેને પગલે વિશ્વની મહાસતામાં વ્યાજદર ૧૬ વર્ષના રેકોર્ડસ્તરે પહોંચ્યો છે. જો કે, ફેડ રિઝર્વે એવુ પણ જાહેર કર્યુ હતું કે હવે પછી વ્યાજદરમાં કોઈ વધારો કરવામાં નહીં આવે. હવે આર્થિક સ્થિતિની ઝીણવટભરી ચકાસણી કરાશે અને વ્યાજનીતિનું વિશ્લેષણ કરવામાં આવશે.બેઠક બાદ ફેડના ચેરમેન જેરોમપોવેલે કહ્યું કે બેંકીંગ સિસ્ટમ મજબૂત જ છે.

જો કે, નાણાંક્ષેત્રામાં ઉથલપાથલને કારણે ખર્ચ તથા ગ્રોથની રફતાર ધીમી પડી શકે છે. અમેરિકામાં છેલ્લા ૧૪ માસથી વ્યાજદર વધારો કરવામાં આવી રહ્યો છે. ઓટો, બિઝનેશ તથા ક્રેડીટકાર્ડના લોન વ્યાજદર ડબલ થઈ ગયા છે. જયારે ધિરાણદર ૫.૨૫ થયો છે જે ૨૦૦૭ પછીના સર્વાધિક સ્તરે છે.બીજી તરફ અમેરિકી વ્યાજદર વધતા તથા વૈશ્વીક મંદીની આશંકાથી સોના-ચાંદીમાં જબરદસ્ત તેજી થઈ હતી. ભારતીય કોમોડીટી એકસચેંજમાં સોનાનો ભાવ ૬૧૪૦૦ના રેકોર્ડસ્તરે પહોંચ્યો છે. જયારે હાજરમાં ૬૩૫૦૦ના રેકોર્ડસ્તરે પહોંચ્યો હતો જયારે હાજરમાં ૬૩૫૦૦ થયો હતો. કોમોડીટી એકસચેંજમાં ચાંદી ૭૫૫૦૦ થઈ હતી. વિશ્વબજારમાં સોનાનો ભાવ ૨૦૮૧ ડોલરનાસ્તરે પહોંચ્યોહતો.

## દિલ્હીમાં ગતરાત્રીનાં આંદોલનકારી પહેલવાનો અને પોલીસ વચ્ચે ઘર્ષણ : ટોચનાં કુસ્તીબાજો ઈજાગ્રસ્ત

નવી દિલ્હી તા. ૪ :

જંતર-મંતર ખાતે વિરોધ સ્થળ બુધવારે રાત્રે યુદ્ધનું મેદાન બની ગયું હતું. વિરોધ કરી રહેલા કુસ્તીબાજો અને દિલ્હી પોલીસના જવાનો સામસામે આવી ગયા હતા. આ દલીલ મિનિટોમાં મારામારીમાં ફેરવાઈ ગઈ હતી. જેમાં કોઈનું માથું ફાટ્યું, કોઈના હાથ-પગમાં ઈજા થઈ હતી.

વિનેશફોગાટ, બજરંગ પુનિયા જેવા દિગ્ગજ કુસ્તીબાજો પણ ઈજાગ્રસ્ત થયા છે. સ્થળ પર હાજર રિપોર્ટરે જોયું કે કુસ્તીબાજો વિરોધ સ્થળ પર વધારાના ગાદલા અને ફોલ્ડીંગ બેડ લાવવા માંગતા હતા. ભારે વરસાદના કારણે ઠેર ઠેર પાણી ભરાયા હતા. દિલ્હી પોલીસે તેમને આમ કરવા દીધા ન હતા. કથિત રીતે નશામાં ધૂત પોલીસકર્મીએ વિનેશ, સાક્ષી મલિક અને સંગીતા ફોગાટ સાથે મારપીટ કરી હતી. તેણે કથિત રીતે ગાળો પણ આપી હતી. આ પછી પુરૂષ કુસ્તીબાજોએ દખલગીરી કરી અને મામલો વધી ગયો અને નોબત મારામારી સુધી પહોંચી હતી.

સાંજના વરસાદ બાદ જંતર-મંતર ખાતે પાણી ભરાઈ ગયું હતું. ગાદલાઓ ભીંજાઈ ગયા હતા. કુસ્તીબાજો વધારાના ગાદલા અને ફોલ્ડીંગ બેડ લાવવા માંગતા હતા. પરંતુ દિલ્હી પોલીસે આની મંજૂરી આપી ન હતી. વિનેશ ફોગાટ, સાક્ષી મલિક અને સંગીતા ફોગટને નશાની હાલતમાં પોલીસકર્મીએ કથિત રીતે માર માર્યો હતો. તેણે કથિત રીતે મહિલા રેસલર્સ સાથે દુર્વ્યવહાર પણ કર્યો હતો.

આ બધું જોઈને બજરંગ પુનિયા અને સાક્ષીના પતિ સત્યવ્રતે દરમ્યિાનગીરીકરી. જયારે મામલો વધુ ઉગ્ર બન્યો ત્યારે કુસ્તીબાજો અને પોલીસ વચ્ચે ઝપાઝપી શરૂ થઈ ગઈ. આ પછી પોલીસે ધક્કામુક્કીઅને લાઠીચાર્જ પણ કર્યો હતો. બજરંગ પુનીયાના ખભામાં ઈજા, વિનેશના ઘૂંટણમાં. ગીતાઅને બબીતા ફોગટના ભાઈ દુષ્યંત ફોગટનું માથુ ફુટી ગયું હતું. તેમને આરએમએલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

## ગુજરાતમાં ગરીબોને અપાતું મફત અનાજ ઓળવી જવાના કૌભાંડમાં સીટ દ્વારા તપાસ

ગાંધીનગર તા.૪: કોરોનાકાળ દરમિયાન ગુજરાત સહિત દેશભરમાં ગરીબ, મધ્યમ વર્ગના લોકો ભૂખ્યા ન રહે એ હેતુથી કેન્દ્ર સરકારે મફત અનાજ વિતરણ કરવાનો નિર્ણય કર્યો હતો અને આવા ગરીબોને સસ્તા અનાજની દુકાનથી દર મહિને અપાતા અનાજનો કેટલોક જથ્થો બારોબાર ચાઉ કરીને ખુલ્લા બજારમાં વેચી નાખવામાં આવ્યો હોવાની ગંભીર ફરિયાદો ઊઠી હતી. કેન્દ્ર અને રાજ્ય સરકારને મળેલી ગંભીર ફરિયાદોમાં તથ્ય જણાતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સીઆઈડી ક્રાઈમના વડાના નેતૃત્વમાં એક સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન ટીમની રચના કરી હતી. આ ટીમે રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાંથી શંકાસ્પદ કિસ્સા શોધી કાઢયા છે અને કેટલાક વેપારીઓ, અધિકારીઓની મેળાપીપણીમાં કરોડો રૂપિયાનું ગરીબોનું અનાજ વેચી મારવામાં આવ્યું હોવાનું પ્રાથમિક રીતે સ્પષ્ટ થતાં ૮૦થી વધુ કેસ રિઓપન કરવાનો નિર્ણય કરાયો છે. વિધાનસભાના અંદાજપત્ર સત્ર દરમિયાન કેટલાક શાસક પક્ષના સભ્યોએ સસ્તા અનાજની દુકાનો પર થતી ગેરરીતિ અંગે ગંભીર ફરિયાદો કરી હતી. આ તરફ કેન્દ્ર સરકાર સમક્ષ પણ કેટલાક પુરાવા સાથેની ફરિયાદો થઈ હતી.

સીટના વડા સુભાષ ત્રિવેદીના કહેવા પ્રમાણે, કેન્દ્ર અને ગુજરાત સરકારને મળેલી ફરીયાદોનેઆધારે તપાસ કરાતાં ૮૦ થી વધુ કેસમાં ગેરરીતિ, અનાજ વેચી મારવામાં આવ્યા હોવાનું જણાયું છે. એક લાખ બોગસ રેશન કાર્ડ પણ પ્રાથમિક તપાસ દરમિયાન મળતા, તેને રદ કરાયા છે. આ બાબતોપરથી જણાય છે કેઆ કૌભાંડમાં સરકારી અમલદારો પણ સંડોવાયેલા હોઈ શકે છે.

સરકારી અનાજ સગેવગે કરવાના કિસ્સાઓમાં વ્યવસ્થિત તપાસ થાય એના માટે 'સીટ' દ્વારા એક ગાઈડલાઈન્સ (એસઓપી) તૈયાર કરવામાં આવી છે. જે તમામ કલેકટરો અને ડીએસપીને મોકલી આપવામાં આવી છે. સીટ જ દરેક કેસમાંતપાસ કરશે અને જરૂરપડયે સીધી રેડ પણ પાડશે.

## મણિપુરમાં હિંસા ફાટી નીકળી : ૮ જીલ્લામાં કર્ફયુ

ઈમ્ફાલ, તા.૪: અનુસૂચિત જનજાતિના દરજ્જા પર કોર્ટના આદેશપરઆદિવાસી જૂથોના વિરોધ વચ્ચે સેનાએ આજે મણિપુરના હિંસાગ્રસ્ત વિસ્તારોમાં ફલેગ માર્ચ કરીહતી. ઈમ્ફાલ, ચુરાચંદપુરઅને કાંગપોક્પીમાં હિંસા ફાટી નીકળ્યા બાદ ગતરાત્રીથી મણિપુરના આઠ જિલ્લામાંકર્ફયુ લાદવામાં આવ્યોછે. મણિપુર સરકારે આગામી પાંચ દિવસ માટે રાજ્યમાં મોબાઈલ ઈન્ટરનેટ પર પ્રતિબંધ મૂકયો છે. વધતી હિંસાને ડામવા માટે સેનાઅને આસામ રાઈફલ્સને તૈનાત કરવામાં આવેલ છે. પરિસ્થિતિને કાબૂમાં રાખવા માટેઆજે સેનાઅને આસામ રાઈફલ્સ દ્વારા ફલેગ માર્ચ કાઢવામાં આવી હતી. હિંસા બાદ રાજ્યના વિવિધવિસ્તારોમાં લગભગ ૪,૦૦૦ લોકોને આર્મી કેમ્પ અને સરકારી ઓફિસ સંકુલમાં આશ્રય આપવામાં આવ્યો હતો.

## ચીનને ભરી પીવા અરૂણાચલપ્રદેશમાં ભારતીય સૈન્ય દ્વારા જોરદાર યુધ્ધ કવાયત

નવી દિલ્હી તા. ૪

દેશના પુર્વીય ક્ષેત્રાના અરુણાચલપ્રદેશપર ચીનના ડોળા અને સતત આ ક્ષેત્રમાં સરહદ પર વધુ લશ્કરી બાંધકામો અને સુવિધા ઉભી કરી ભારત માટે પડકાર સર્જવાના ડ્રેગનના પ્રયાસોને ભરી પીવા ભારતીય સૈન્યએ અરુણાચલ પ્રદેશમાં અત્યાર સુધીની સૌથીમોટી યુદ્ધ કવાયત શરૂ કરી છે. શક્તિશાળી તોપ તથા બખ્તરબંધ ગાડીઓ સહિત સૈન્યનું આર્ટીલરી યુનીટ ભારતની એક પણ ઈંચ જમીન પર કબજો જમાવી શકે નહી તે માટે ફુલપ્રુફ જમીની સુરક્ષા અને જરૂર પડે તો વળતો હુમલો કરવા સહિતની યુદ્ધ ક્ષમતાનું ભારત પ્રદર્શન કરશે. અરુણાચલએ આ યુદ્ધ કવાયત 'બુલંદ ભારત' માં ભૂમિદળ અને હવાઈદળ પણ સામેલ છે. અત્યંત ઉંચા દુર્ગમ સ્થળો પર પહોંચી શકતી ૧૫૫ મીમીની બોફોર્સ હોવિત્ઝર- તોપ, ૧૦૫ મીમી ફિલ્ડગન ૧૨૨ એમ.એમ. મોર્ટાર અને અન્ય શસ્ત્ર સાધનો સાથે આ કવાયત ચાલુ છે. ભારત અને ચીન વચ્ચેની ૩૪૮૮ કી.મી. લાંબી વાસ્તવિક અંકુશરેખા (એક્ચ્યુઅલ લાઈન ઓફ કંટ્રોલ)માં છેલ્લા ચાર વખતમાં લદાખથી અરુણાચલ ક્ષેત્રમાં અનેક વખત બન્ને સૈન્યના જવાનો બાખડી પડયા છે અને ચીનના ભારતની ભૂમિ પર કબ્જાના પ્રયાસો નિષ્ફળ બનાવાયા બાદ આ કવાયત અત્યંત મહત્વની સાબીત થશે.

## મોચા વાવાઝોડું ૮ મેનાં રોજ શકિતશાળી બની ત્રાટકશે

વિશાખાપટ્ટનમઃ ૨૦૨૩માં સતત બદલાતા જતા મોસમમાં હવે પ્રી-મોનસુન એકટીવીટીનો પણ પ્રારંભ થયો છે અને ૨૦૨૩નું પ્રથમ વાવાઝોડુ મોચા-જે બંગાળના અખાતના દક્ષિણપુર્વીય ક્ષેત્રમાં આ સપ્તાહના અંતે સર્જનાર છે. તેની અસર હેઠળ આંધ્રપ્રદેશના કાંઠાળ સહિતના ક્ષેત્રમાં વરસાદની સંભાવના વ્યક્ત કરી છે.

ભારતીય હવામાન વિભાગના જણાવ્યા મુજબ સાયકલોનીક-સ્ટ્રોમ બંગાળના અખાતમાં તા.૬ મે ના રોજ સર્જાશે અને તા.૮ મે સુધીમાં ડીપ્રેશનના સ્વરૂપમાં ફરવાશે અને તે બાદમાં ઉતરીય દિશા ભણી આગળ વધશે. હવામાન વિભાગ હાલ આ સીસ્ટમ પર સતત નજર રાખી રહ્યું છે. ભારતમાં મે-ઓકટોબર અને નવેમ્બર માસમાં પુર્વીય ક્ષેત્રમાં હવાના નીચા દબાણ બાદ વાવાઝોડાની અસર દર વર્ષે બને છે અને 'મોચા'ના કારણે આંધ્રપ્રદેશમાં વરસાદની શકયતા છે.

## છત્તીસગઢમાં ટ્રક-બોલેરો વચ્ચે ભયાનક અકસ્માત એકજ પરિવારનાં ૧૧નાં મોત

ધમતરી (છત્તીસગઢ) તા.૪ છત્તીસગઢનાં ધમતરી - કાંકેર નેશનલહાઈવે-૩૦ પરપૂરઝડપે આવતા ટ્રક અને બોલેરો વાહન વચ્ચે ભયાનક ટકકર થતા આ અકસ્માતમાં બે બાળકો અને મહિલાઓ સહિત ૧૧ લોકોના મૃત્યુ થયા છે. આ અકસ્માતમાં ઘાયલ ૬ મહિનાની એક બાળકીનું રાયપુરમાં હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું.

આ કરુણાંતિકા અંગે વધુમાં જાણવા મળતી વિગત અનુસાર બોલેરો વાહનમાં સવાર ૧૧ લોકો એક લગ્ન સમારોહમાંથી પરત ફરી રહ્યા હતા. પોલીસે જણાવ્યું હતું કે બોલેરોમાં સવાર જાનૈયા મારકોટલાગામના હતા. જેપરત ફરી રહ્યા હતા ત્યારે ટ્રક સાથે ટકકર થઈ હતી. આ દુર્ઘટનાબાદ રસ્તા પર હાજર લોકોએ બોલેરો વાહનમાં દબાયેલા લોકોનેબહાર કાઢયા હતા પોલીસે આ દુર્ઘટનામાં ગંભીર રીતે ઘાયલ ૬ મહીનાની સારવાર માટે રાયપુર મોકલાઈ હતી જયાં તેનું મૃત્યુ થયું હતું. મૃતકોની હજુ ઓળખ નથી થઈ.

## ૭૬ કરોડ ભારતીયો ઈન્ટરનેટ સાથે જોડાયેલા છે : ભારતનો વિક્રમ

નવી દિલ્હી,તા.૪:

સમગ્ર વિશ્વમાં ઈન્ટરનેટના વપરાશમાં ભારતે એક અનોખો વિક્રમ બનાવ્યો છે, જયારે વર્ષ ૨૦૨૫ સુધીમાં ભારતમાં સૌથી વધુ ઈન્ટરનેટ ગ્રોથ થશેએવો એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે. હાલમાં ભારતમાં ૫૨ ટકા ભારતીયો એટલે કે લગભગ ૭૬ કરોડ લોકો સક્રિયપણે ઈન્ટરનેટનો ઉપયોગ કરી રહ્યા છે. ભારતમાં ઈન્ટરનેટ વપરાશકર્તાની સંખ્યામાં ઝડપથી વધારો થયો છે. એક અનુમાન મુજબ આગામી બે વર્ષમાં એટલે વર્ષ ૨૦૨૫ સુધીમાં ૯૦ કરોડ ભારતીય સક્રિયપણે ઈન્ટરનેટનો ઉપયોગ કરશે.

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પદ્યતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.) Pune

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવારકરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

કલ્પેશભાઈ પટેલ - ૯૭૧૪૯ ૭૨૦૫૧
સંદિપભાઈ ડાંગર - ૮૮૪૯૯ ૭૯૪૯૬

**અત્રિ બોયઝ**

પી.જી. એન્ડ હોસ્ટેલ

સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે રહેવા તથા જમવાની સુવિધા

કાર્યક્ષેત્ર : ધો. ૮ થી ૧૨ તથા કોલેજ

ઝાંઝરડા બાયપાસ ચોકડી, કે.જે. હોસ્પીટલ પાછળ, વાસુદેવ પાર્ક, જૂનાગઢ

**ૐ નેચર કયોર સેન્ટર**

ડો. સી.ડી. ઓઝા (N.D.)


તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે


- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુ:ખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુ:ખાવા
- કટિબસ્તિ : કમરમાં દુ:ખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨



# મુખ્યમંત્રી દ્વારા લોકોના પડતર પ્રશ્નોના ઉકેલ માટે સ્વાગત ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

## જૂનાગઢ જીલ્લા મથકે તા.૨૫ તથા તાલુકા મથકે તા.૨૪ મે યોજાશે ફરિયાદ નિવારણ કાર્યક્રમ

જૂનાગઢ, તા.૪

મુખ્યમંત્રીશ્રી દ્વારા લોકોના પડતર પ્રશ્નોના ઉકેલ માટે સ્વાગત ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજવામાં આવે છે. જેમાં જૂનાગઢ જિલ્લામાં તા.૨૫/૫/૨૦૨૩ને ગુરૂવારના સવારે ૧૧ કલાકે જિલ્લા કક્ષાનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ જિલ્લા મથકે યોજાશે અને તા.૨૪/૫/૨૦૨૩ને બુધવારે સવારે ૧૧ કલાકે દરેક તાલુકા મથકે ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે. લોકોને જિલ્લા મથકે આવવું ન પડે તે માટે ગામના તલાટીને દર મહિનાની ૧ થી ૧૦ તારીખ સુધીમાં તેમના પડતર પ્રશ્નો રજૂ કરી શકાશે.

જિલ્લા કક્ષાએ નિકાલ કરવા પાત્ર હોય તેવા પડતર પ્રશ્નો કલેક્ટર કચેરી, જૂનાગઢ અને તાલુકા તથા ગ્રામ કક્ષાએ નિકાલ કરવા પાત્ર હોય તેવા પ્રશ્નો અરજદારોએ તાલુકા મામલતદાર કચેરી અને ગ્રામ પંચાયત કચેરીને તા.૧૦/૦૫/૨૦૨૩ સુધીમાં સીધા પણ રજૂ કરી શકશે.

આ ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં મુદત બાદની અરજી, અસ્પષ્ટ રજૂઆતવાળી અરજી, એક કરતા વધુ વિભાગ, કચેરીના પ્રશ્નો, સુવાચ્ય ન હોય તેવી અરજી, નામ-સરનામા વગરની અરજી, વ્યક્તિગત આક્ષેપોવાળી અરજી, નિતિ-વિષયક પ્રશ્નો, ચાલુ સરકારી કર્મચારીઓના સેવા વિષયક પ્રશ્નો, કોર્ટ મેટર, દિવાની પ્રકારની ખાનગી તકરારો, અપીલ થવા પાત્ર કેસો વાળી અરજી, અરજદારને સ્વયં સ્પર્શતા ન હોય તેવા પ્રશ્નો, અરજદારે તેમની રજૂઆત અંગે સંબંધીત કચેરી/ખાતાનો એકપણ વાર સંપર્ક કર્યા સિવાય પ્રથમ વખત સીધા જ આ કાર્યક્રમમાં રજૂ કરેલ પ્રશ્નો, અગાઉના સ્વાગતા કાર્યક્રમમાં રજૂ થયેલ પ્રશ્નો સ્વાગત કાર્યક્રમમાં સમાવેશ કરવામાં આવશે નહીં,

જૂનાગઢ જિલ્લા કક્ષાના પ્રશ્નો જિલ્લા કલેક્ટર કચેરી, જૂનાગઢ ખાતે તા.૨૫/૫/૨૦૨૩ને ગુરૂવારના રોજ સવારે ૧૧ કલાકે કલેક્ટર કચેરીના સભાખંડમાં કલેક્ટર અને સંબંધિત ખાતાના અધિકારીઓ અરજદારોને સાંભળશે. જયારે તાલુકા કક્ષાના પ્રશ્નો મામલતદાર કચેરી ખાતે તા.૨૪/૫/૨૦૨૩ બુધવારના રોજ સવારના ૧૧ કલાકે મામલતદાર અને સંબંધિત ખાતાના અધિકારીઓ અરજદારોને સાંભળશે તેમ જૂનાગઢ જિલ્લા નિવાસી અધિક કલેક્ટરની યાદીમાં જણાવાયું છે.

# શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર જૂનાગઢનો ૧૯૫માં વાર્ષિક પાટોત્સવની ઉજવણી થશે

## વડતાલ ગાદીના આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજની વિશેષ ઉપસ્થિતિમાં અનેક સેવાકીય અને ધાર્મિક કાર્યક્રમો : આવતીકાલે જલયાત્રા અને સામૈયું





જૂનાગઢ, તા.૪

જૂનાગઢ શહેરની ઐતિહાસિક ગીરમામય ભૂમિનું આગવું ધાર્મિક સ્થાન એટલે જવાહર રોડ સ્થિત શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર સ્વય ભગવાન શ્રી સ્વામિનારાયણે બાથમાં લઈ શ્રી રાધારમણદેવ શ્રી રણછોડરાય, શ્રી ત્રિકમરાય એવ મહાપ્રતાપી શ્રી સિધ્ધેશ્વર મહાદેવની મૂર્તિ સ્વરૂપે પ્રતિષ્ઠા કરી દેશ અને વિદેશમાં વસતા લાખો શ્રધ્ધાળુઓની ભાવના અને શ્રધ્ધા અહીં સંકલ્પસિધ્ધ થાય છે. મંદિરમાં બિરાજમાન દેવોનો ૧૯૫મો વાર્ષિક પાટોત્સવ વૈશાખ વદ-૨ તા.૭/૫/૨૦૨૩ રવિવારના રોજ ઉજવાશે. પાટોત્સવ અંતર્ગત શ્રીમદ ભાગવત સપ્તાહ કથા તા.૫/૫/૨૦૨૩થી ૧૧/૫/૨૦૨૩ સુધી થશે. જેના વકતાપદે વિદ્વાન સ્વામિ માધવપ્રિયદાસજી બિરાજી ભાગવત કથાનો લાભ આપશે. ૧૯૫માં વાર્ષિકો પાટોત્સવ અંતર્ગત મંદિરના ચેરમેન કો. સ્વા. દેવનંદનદાસજીના માર્ગદર્શન મુજબ અનેકવિધ ધાર્મિક, સામાજીક અને સેવાકીય આયોજનો કરવામાં આવ્યા છે. ૧૯૫ કલકની અખંડ મહામંત્ર ધુન દિવ્ય રજોપચર, ફળકુટ ઉત્સવ, અન્નકુટ ઉત્સવ તેમજ દરીદ્રનારાયણને ચમ્પલ વિતરણ, સર્વરોગ નિદાન કેમ્પ વગેરે આયોજન કરવામાં આવ્યા છે. પાટોત્સવની પૂર્વ સધ્યાએ આવતીકાલે તા.૫/૫/૨૦૨૩ કળાવા ચોક ગુરૂકુળથી જલયાત્રા તેમજ આચાર્ય મહારાજનું સામૈયુ તેમજ પાટોત્સવના દિવસે તા.૬/૫/૨૦૨૩ શ્રી ઠાકોરજીનો કેસર જલાભિષેક, અન્નાકુટ તેમજ આશીર્વાદસાભાનું પણ આયોજન છે. આ પ્રસંગે પૂ.પુરાણી બાલકૃષ્ણદાસજી, પૂ.સ્વામિ હરીસ્વરૂપદાસજીની સવિશેષ ઉપસ્થિતિમાં પાટોત્સવના મુખ્ય યજમાન પ.ભ.ગોવિંદભાઈ હરદાસભાઈ બારસીયાના આમંત્રણથી ધામો-ધામથી અનેક સંતો-મહંતો પધારશે. કાર્યક્રમને સફળ બનાવવા મહંત શા.સ્વામિ પ્રેમસ્વરૂપદાસજી, કો.પી.પી. સ્વામિ, શાસ્ત્રી કુંજવિહારી સ્વામિ, પુજારી ધર્મકિશોરસ્વામિ, ભંડારી નૌતમ સ્વામિ તથા પાર્ષદ ચીમન ભગત સહિતના સંતો તેમજ હરીભકતો ખુબજ જહેમત ઉઠાવી રહ્યા છે તેમ પ્રફુલભાઈ કાપડીયાની એક યાદીમાં જણાવેલ છે.

# માળીયા હાટીનાના કાણેક ગામમાં ગ્રામજનોને વીમા યોજનાઓનો લાભ આપવા માટે કેમ્પ યોજાયો

જૂનાગઢ, તા.૪

માળીયાહાટીના તાલુકાના કાણેક ગામે ગ્રામ પંચાયતના સહયોગ એસબીઆઈ-લીડ બેંક તથા એસબીઆઈ-ચોરવાડ દ્વારા ભારત સરકારની પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના અને પ્રધાનમંત્રી જીવન જયોતિ યોજના હેઠળ ગ્રામજનોને આવરી લેવા માટે કેમ્પ યોજાયો હતો. જેમાં લોકોને જનસુરક્ષાની આ યોજનાઓના લાભોથી વાકેફ કરવામાં આવ્યાં હતા. આ કેમ્પના માધ્યમથી ગ્રામજનોએ ઉકત યોજનાઓનો લાભ મેળવવા માટે એસબીઆઈ-ચોરવાડ શાખામાં ફોર્મ જમા કરાવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, ભારત સરકાર રૂપિયા ૪૫૬માં રૂપિયા ચાર લાખનું વીમો આપે છે. જેમાં પ્રધાનમંત્રી જીવન જયોતિ વીમા યોજના હેઠળ માત્ર વાર્ષિક રૂા.૪૩૬નું પ્રીમિયમ છે. જેનો ૧૮ થી ૫૦ વર્ષના લોકો લાભ મેળવી શકે છે. આ યોજના હેઠળ કોઈપણ રીતે મૃત્યુના કિસ્સામાં નોમીનીને રૂપિયા બે લાખ મળવાપાત્ર છે.

પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજનાનું વાર્ષિક પ્રીમીયમ માત્ર રૂા. ૨૦ છે. જેમાં ૧૮ થી ૭૦ વર્ષના લોકોને આકસ્મિક મૃત્યુના કિસ્સામાં રૂા. બે લાખનો વીમો મળવાપાત્ર છે. આમ, ભારત સરકારની આ વીમા યોજનાઓ જનસમાન્યને એક આર્થિક સુરક્ષા પૂરી પાડે છે. આ કેમ્પમાં લીડ બેંક મેનેજર શ્રી પ્રશાંત ગોહેલ, એફએલસી શ્રી દિલીપ છૂગાણી, નાબાર્ડના જિલ્લા મેનેજર કિરણ રાઉત દ્વારા ગ્રામજનોને વીમા યોજનાની સમજ આપવામાં આવી હતી.

## બુથ સશકિતકરણ અભિયાન સાથે

# જૂનાગઢ સોશ્યલમીડીયા કાર્યશાળા યોજાઈ



જૂનાગઢ, તા.૪

સંત, શૂરા અને સાવજની ધરતી જૂનાગઢ ખાતે પ્રદેશ અધ્યક્ષ સી. આર.પાટીલની અધ્યક્ષતામાં તેમજ સંગઠન મહામંત્રી રત્નાકરજીની વિશેષ ઉપસ્થિતિમાં જિલ્લા અને મહાનગરનું બૂથ સશક્તિકરણ અભિયાન તેમજ સોશિયલ મીડિયા કાર્યશાળા યોજાઈ. આ પ્રસંગે પ્રદેશ મંત્રી રઘુભાઈ હુંબલ, શહેર પ્રમુખ પુનિતભાઈ શર્મા, જિલ્લા પ્રમુખ કિરીટભાઈ પટેલ, સાંસદ રાજેશભાઈ ચુડાસમા સહિત હોદેદારો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ તકે યુવા મોરચાના પ્રમુખ મનનભાઈ, મહામંત્રી વિનશભાઈ, અભયભાઈ તથા યુવા ઉપપ્રમુખ ઋષિકેશભાઈ, યુવા કોષાધ્યક્ષ પાર્થ મેહતા, સાગર વઘેરા હાજર હતા.

# તુલસી ચા : વિશ્વાસ એકધારી ગુણવત્તાનો




(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૪

ચાનો કપ એકધારી તાજગી આપતો રહે તે માટે સતત ગુણવત્તા જાળવી રાખવાની બાબત ખૂબ જ જહેમત માંગી લે છે. ગ્રાહકોમાં લોકપ્રિયતા જાળવી રાખવી તે એક કપરૂ કામ છે પણ સતત ગુણવત્તાનો આગ્રહ રાખતી કંપનીઓ આ ભૂમિકા સારી રીતે બજાવી જાણે છે. તુલસી ચાની શરૂઆત ચલાલા ગામના એક નાના પ્રોવિજન સ્ટોરથી થઈ હતી અને આજે માત્ર ૨૨ વર્ષના ટુંકા ગાળામાં તુલસી ચા એ આપ સહુના અવિરત સહિયોગથી બજારમાં નોંધપાત્ર નામના મેળવી છે અને ગ્રાહકોના હૃદયમાં મહત્વનું સ્થાન મેળવી લીધુ છે. આ સફળતાનો યશ કંપનીના સ્થાપક ગોરધનભાઈ કાથરોટીયા અને મેનેજિંગ ડિરેક્ટર હરેશભાઈ કાથરોટીયાને ફાળે જાય છે. આજે તુલચી ચા ગ્રામ્ય અને તાલુકા વિસ્તારોમાં પોતાનો પગ જમાવી સતત આગળ વધતી જાય છે. ચાનો સ્વાદ એકસરખો જળવાઈ રહે તે માટે યોગ્ય ટેસ્ટીંગ અને બ્લેન્ડીંગ ખૂબ જ મહત્વનું પાસું હોય છે. કયા વિસ્તારમાં લોકોને કેવી ચા માફક આવે છે તેની ઉંડી જાણકારી અને ચાના રસીયાઓની રૂચી જળવાઈ રહે તે રીતે વિવિધ ચા ગાર્ડનની ચા પસંદ કરવી તે ખૂબ જ સમજ માંગી લે છે. આ ઉપરાંત ગ્રાહકોની બદલાતી જતી રૂચી અંગે સતત સંશોધન કરવું પડે છે. આવા કારણોથી જ આજે તુલસી ચા એ રિટેઈલ બજારમાં પોતાનું સ્થાન મજબૂત કર્યુ છે.

ભારતના વિવિધ રાજયોમાં નવા શિખર સર કરવાની મહેચ્છા એમના બિઝનેસને સતત ધમધમતો રાખે છે. તુલસી ચા એ હંમેશા એકસરખી ગુણવતાને જ પ્રાધાન્ય આપ્યું છે. જેનાથી ગ્રાહકોને ચાનો એકધારો સ્વાદ, સુગંધ અને રંગ પીરસી શકયા છે. દિવસેને દિવસે ગ્રાહકોમાં વધારો થઈ રહ્યો છે અને દર વર્ષે તુલસી ચાના ગ્રાહકોનું બજાર ૧૦ લાખ જેટલું વધી રહ્યું છે. આ વધારો મૌખિક પ્રચાર, પ્રમોશન અને ટી-ટેસ્ટિંગને આભારી છે. કંપનીનું ધ્યેય ચાની ગુણવતાના મૂલ્યાંકન, ગુણવતા ખરીદી અને વર્ગીકરણ છે અને ગુણવતાના ભોગે કોઈપણ પરિણામ નથી ઈચ્છતી. કંપનીનું સૌરાષ્ટ્રના બજારમાં હિસ્સો આશરે ૧૮% ગણવામાં આવી રહ્યો છે અને ગુણવતાના પરિમાણ ઉપર તેમાં દિવસેને દિવસે વધારો જોવા મળી રહ્યો છે. હાલમાં અમદાવાદ જિલ્લામાં બાવળા ખાતે ૧૫ લાખ કિલોગ્રામ માસિકની પ્રોસેસિંગ ક્ષમતા ધરાવતો અત્યાધુનિક પ્લાન્ટમાં ચાનું ટેસ્ટિંગ, પ્રોસેસિંગ અને પેકિજીંગ કરવામાં આવે છે. આ જ પ્લાન્ટથી તુલસી ચાના વિવિધ બલેન્ડ્સ જેમકે તુલસી ચા, તુલસી ગોલ્ડ ચા, તવસ ચા, વતન ચા અને ગ્રીન ટી અને લેમન ગ્રીન ટીને જુદા-જુદા રાજ્યના બજારમાં ઉપલબ્ધ કરવામાં આવે છે. આજે કંપની સાથે ૪૩૦થી વધુ ડિસ્ટ્રીબુટર અને ૮૦,૦૦૦થી વધુ રિટેઈલર્સ જોડાયેલા છે. જેના દ્વારા તુલસી ચા ઘર-ઘર પહોંચી શકી છે. ગ્રાહકોની પસંદગી અંગેની સમજ અને ગુણવત્તાનું સાતત્ય તુલસી ચાની સફળતાકમાં મહત્વનો ભાગ ભજવે છે.

# વેરાવળની સોનેચા મેનેજમેન્ટ આઈટી કોલેજમાં તા.૬ મેના રોજ રોજગાર ભરતી મેળા યોજાશે

## મેળામાં રાજયની ૨૪ કંપનીઓ ભાગ લઈ ૨૫૦થી વધુ વિદ્યાર્થીઓમાંથી પસંદગી કરશે

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૪

વેરાવળની અગ્રણી નારણદાસ જેઠાલાલ સોનેચા મેનેજમેન્ટ એન્ડ ટેકનીકલ ઈન્સ્ટીટ્યુટ ચાંડુવાવ ખાતે તા.૬મે ૨૦૨૩ના રોજ રોજગાર ભરતી મેળો યોજવાનું આયોજન કરવામાં આવ્યુ છે. આ રોજગાર ભરતી મેળામાં ગુજરાતની વિવિધ ક્ષેત્રની ૨૪ કંપનીઓ ભાગ લેશે. કંપનીઓ દ્વારા દરેક ઉમેદવારની પસંદગી તેમના શૈક્ષણિક લાયકાતના આધારે નક્કી થશે. જેમાં સ્નાતક તથા અનુસ્નાતક મળી કુલ ૨૫૦ થી વધુ નોકરી ઈચ્છુક ઉમેદવારોએ રજીસ્ટ્રેશન કરાવેલ છે. આ રોજગાર મેળામાં અગાઉથી રજીસ્ટ્રેશન કરાવેલ ન હોય તેવા ઉમેદવારો પણ રોજગાર મેળાના દિવસે સ્થળ ઉપર આવીને રજિસ્ટ્રેશન કરાવી શકશે. અત્રે નોંધનીય છે કે, ધી વેરાવળ એજયુકેશન સોસાયટી સંચાલિત નારણદાસ જેઠાલાલ સોનેચા મેનેજમેન્ટ એન્ડ ટેક્નિકલ ઈન્સ્ટીટ્યુટ છેલ્લા ૧૦ વર્ષથી ઉત્તમ પરીણામ મેળવે છે. જી.ટી.યુ. દ્વારા લેવામાં આવતી પરીક્ષામાં ઘણા વિદ્યાર્થીઓએ યુનિવર્સીટીમાં ટોપ ટેનમાં સ્થાન મેળવેલ છે. સંસ્થાના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણની સાથે છેલ્લા વર્ષમાં ભણતા વિદ્યાર્થીઓને નોકરી અપાવવાની વ્યવસ્થા કેમ્પસ ઉપર કરે છે. દર વર્ષે ૨૦ થી ૨૫ કંપનીઓ ભાગ લે છે અને પોતાની જરૂરીયાત મુજબ સ્ટાફ પસંદ કરે છે. વિશેષ વાત એ છે કે આ કોલેજ ઉપરાંત અન્ય કોલેજના વિદ્યાર્થીઓને પણ ભરતી મેળામાં જોડાવવાની તક આપવામાં આવે છે. ગત વર્ષે ભરતી મેળામાં કુલ ૧૨૯ વિદ્યાર્થીઓએ ભાગ લિધેલ જેમાંથી ૬૭ વિદ્યાર્થીઓની પસંદગી થઈ હતી.

# વેરાવળમાં આર.એસ.એસ. દ્વારા સમલૈંગિક વિવાહના કાયદાનો વિરોધમાં આવેદન પત્ર અપાયું

(રાકેશ પરડવા દ્વારા) વેરાવળ, તા.૪



વેરાવળમાં આર.એસ.એસ. દ્વારા સમલૈંગિક વિવાહના કાયદાના વિરોધમાં જીલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવી યોગ્ય રીતે અભ્યાસ બાદ કાયદાની અમલ કરવાની માંગણી કરેલ છે. રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘ પ્રેરિત સામાજિક સદભાવ સમિતિ વેરાવળ નગર સંચાલક પ્રફુલભાઈ હરિયાણી, ભુપતભાઈ કોડિયાતર, ધવલ ગરચર, શૈલેષ મેસવાણીયા, ખારવા સમાજના આગેવાન મનસુખભાઈ સુયાણી સહીતના આગેવાનો, વિવિધ સમાજ, સંસ્થા અને સમિતિઓના અગ્રણી, હોદેદારો દ્વારા જિલ્લા કલેકટરને પાઠવેલ આવેદન પત્રમાં જણાવેલ કે, સમલૈંગિક વિવાહ એ એક વિકૃતિ છે અને ભારતીય સભ્ય સમાજ માટે આવનારા સમયમાં બહુ ગંભીર પરિણામો આવી શકે છે અને સંસ્કૃતિ ઉપરના આવા પ્રહારને વખોડી કાઢવામાં આવે છે. આ કાયદો બનતા પહેલા આની સર્વે થાય, બધા ધર્મગુરૂ અને અનુયાયીઓના મત સંભાળવામાં આવે અને યોગ્ય રીતે અભ્યાસ બાદ આવા કાયદાને અમલ ના કરવા માંગ કરેલ છે.

# ડાયાબિટીસના દર્દીઓ માટે આહાર-વિહારની પધ્ધતિ

**સવારે નાસ્તામાં :** (૧) નવશેકુપાણી ઉઠીને પીવું, પલાળેલી મેથી ચાવીને લેવી અથવા તજ અથવા હળદર તે બેમાંથી જે ફાવે તે પાણી સાથે લેવું (૨) સવારે ૪૫ મિનિટ જેટલું ચાલવું (૩) ત્યાર પછી ખાખરાની સાથે સેવ વગરના મમરા અથવા કોરી જવની રોટલી, એક રકાબી ખાંડ વગરની ચા અથવા એક રકાબી ગાયનું દૂધ, ગ્રીન ટી, નાળીયેર પાણી અથવા દૂધી કે કારેલાનું સૂપ અથવા ઉપમા, પૌવા, દાળીયા, ફણગાવેલા કે બાફેલા કઠોળ, અઠવાડિયામાં ૨ કે ૩ વાર પાંચેક પલાળેલી બદામ, ૨ અખરોટ અથવા સફરજન, પપૈયું દાડમ, નારંગી કે દ્રાક્ષ જેવા સીઝનલ ફ્રૂટ લેવું.

**બપોરે જમવામાં :** (૧) પ્રથમ સલાડ, પાતળી દાળ, ધાણાજીરૂ અને સિંધાલુણ નાખેલ છાસ અથવા બાફેલા મગનું પાણી કે ઓસામણ એ બધું જે ફાવે તે પહેલા લેવું (૨) ત્યારબાદ ૨ રોટલી (મલ્ટી ગ્રેઈન-ઘઉં-જુવાર-જવ-સોયાબીન મિક્સ કરેલ) આ રોટલી સાથે દૂધી, કારેલા, ગલકા, તુરીયા, કોબી, ફલાવર, ગુવાર, પરવળ, મૂળા, ગાજર, રીંગણાં જેવું સીઝનલ શાક લેવું ત્યારબાદ ૧ વાટકો ઓસાવેલા ભાત અને તેની સાથે દાળનું પાણી કે ઓસામણ અને તેની સાથે એક વાટકી તાજી અને મોળી છાસ લેવી.

**ટી ટાઈમ (બપોરે ૩ થી ૫) :** એક રકાબી ચા-દૂધ કે કોફી (ખાંડ વગરની), દાળીયા, મમરા, ચના ચોર, મગ, ખાખરા, શેકેલા વટાણા, સોયાબીન, ધાણી, શેકેલા પૌવા, પોપકોર્ન અથવા ફ્રૂટ લેવાય.

**રાત્રે જમવામાં :** (૧) ૨ રોટલી અથવા ભાખરી (મલ્ટી ગ્રેઈનઆટાની અને તેના લોટને છાસમાં બાંધવો) અથવા રોટલો, ખીચડી-કઢી, ખીચડી બનાવો તેમાં ચાર દાણા તીખા મરી બાફવામાં ઉમેરવા, ઈડલી અથવા પાતળી છાસ અથવા ગાયનું દૂધ, ઓછા તેલમાં બનાવેલા લીલા શાકભાજી ક્યારેક મન થાય તો : ચણાના લોટની આઈટમ જેવી કે મુઠીયા, પૂડલા, પાત્રા, ખાંડવી, (તેલ ખાંડ વગરની લેવાય), બાફેલી મકાઈ- ૧ વાટકી વેજીટેબલ પુલાવ, (ઓછા તેલમાં બનાવેલ), જો ફરાળ હોય તો સામો, દૂધી કે ટમેટા લઈ શકાય, બહાર ફરવા ગયા હોય ત્યારે : તેલ વગરના સાદા ઢોસા, ઈડલી-સંભાર, પાણી-પુરી ૬ નંગ જેટલી (તેલ-ખાંડ વગરની ચટણી) લઈ શકાય.

**ખાસ આ વસ્તુ ક્યારેય ના ખાવી :** (૧) શાકમાં : બટેટા, ભીંડો, સુરણ, શકરિયા, સેવ વગેરે (૨) ફરસાણમાં : ચવાણું, ગાંઠિયા, મેંદાની પુરી, મકાઈના પૌવા, ખારા બિસ્કિટ, બેકરીની વસ્તુ (૩) ફરાળી વસ્તુ : સાબુદાણા વેફર્સ, બટેટા વેફર્સ, શીંગ, ઠંડા પીણાં, શેરડીનો રસ, આઈસક્રીમ, શેઈક, ગુલ્ફી, ગોલા, શરબત, ચોકલેટ, ચીઝ, બટર વગેરે ના લેવાય..

ડો. દિલીપ પી. બુધ્ધદેવ (ડીએચએમએસ) મૂળ પોરબંદર પાસેના રાણાવાવના વતની છે. જેતપુરને ઘણા વર્ષોથી પોતાની કર્મભુમી બનાવી છે. તેઓ જેતપુર શહેરના ખુબજ જુના અનુભવી અને પ્રતિષ્ઠિત ડોકટર છે. ઈન્ડિયન મેડીકલ એસોસિએશનના તેઓ સભ્ય પણ છે. હાલમાં તેઓ આયુર્વેદ-હોમીયોપેથી – પંચગવ્ય – યુનાની જેવી ચિકિત્સા દ્વારા સારવાર કરે છે.

**આલેખન : ડો. દિલીપ પી. બુધ્ધદેવ (જેતપુર)**

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

# માતૃભાષામાં શિક્ષણનું સાકાર થયેલ સ્વપ્ન

ભારતીય ભાષાઓમાં વાંચવા-લખવા-ભણવા ઈચ્છુકો માટે વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ (યુજીસી)એ મોટી ભેટ આપી છે. યુજીસીએ તમામ વિશ્વવિદ્યાલયો અને ઉચ્ચ શિક્ષણ સંસ્થાનોનેસ્થાનિક ભાષઓમાં શિક્ષણ ઉપલબ્ધ કરાવવા સૂચના આપી છે. વિદ્યાર્થીઓને એ સરળતા કરી આપી છે કે ભલે તેઓ અંગ્રેજી માધ્યમમાં ભણતા હોય પરંતુ ઈચ્છે તો પરીક્ષા પોતાની માતૃભાષામાં આપી શકે છે.

૧૯૧૬માં બનારસ હિન્દુ વિશ્વવિદ્યાલયના સમારોહમાં મહાત્મા ગાંધીજીએ પોતાની ભાષાઓમાં ભણાવવા અંગે જણાવ્યું હતું. તેઓએ વિદ્યાર્થીઓને અપીલ કરી હતી કે, તેઓની માતૃભાષામાં શિક્ષણ અપાતું ન હોય તો તેઓ આંદોલન કરે. રામમનોહર લોહિયા પણ પોતાની ભાષાઓ માટે સતત સંઘર્ષરત રહ્યા હતા. તેમનું માનવું હતું કે, અંગ્રેજી જ ભ્રષ્ટાચારની જનની છે, કારણ કે જયારે પ્રજાને સમજમાં ન આવે કે શું લખવામાં આવ્યું છે, કોર્ટ કચેરીમાં કયા મુદ્દે કેવી ચર્ચા થઈરહી છે ત્યારે પ્રજાને ગુમરાહ કરવી આસાન થઈ જાય છે.

શિક્ષણવિદ્ દૌલતસિંહ કોઠારીએ ૧૯૬૬માં શિક્ષા આયોગના ચેરમેનના રૂપમાં ભલામણ કરી હતી કે ન ફકત સ્કૂલનું શિક્ષણ પરંતુ ઉચ્ચ શિક્ષણ પણ વિદ્યાર્થીઓને તેમની માતૃભાષામાં આપવામાં આવે. તમામ માટે સમાન શિક્ષા હોવાની વાત વચ્ચે માતૃભાષાનો મામલો કમજોર બની ગયો છે. કેટલીક ખાનગી સ્કૂલોમાં હિન્દી બોલવા પર પ્રતિબંધ લદાયો છે. અફસોસની વાત છે કે આ બાબતને સ્વતંત્રતા અને અભિવ્યકિતની આઝાદીની આણ આપનારા બુદ્ધિજીવીઓ માત્ર જોઈ રહ્યા છે!

જો કે કોર્ટ-કચેરીમાં ભારતીય ભાષાનો પ્રભાવ પડી રહ્યો છે. બે-એક માસ અગાઉ મુખ્ય ન્યાયાધીશ ડીવાઈ ચંદ્રચુડ દ્વારા સુપ્રીમ કોર્ટના મહત્વપૂર્ણ નિર્ણયોને ભારતીય ભાષાઓમાં ઉપલબ્ધ કરાવવાનો નિર્ણય આ વાતનું પ્રમાણ છે. તેનાથી ઉચ્ચ ન્યાયાલય પણ પોતપોતાના રાજયોની ભાષાઓમાં નિર્ણય આપવા માટે પ્રોત્સાહિત થયા છે.

નોંધનીય બાબત એછે કે વિદેશી વિશ્વવિદ્યાલયોની શરૂઆત કયાંક અંગ્રેજીની દોડને વધુ ઝડપી ન બનાવે. આથી સરકાર અને સમાજ બંનેએ શિક્ષણની ભાષા મામલે સચેતતા દાખવવી જરૂરી છે. મહાત્મા ગાંધીએ કહયું હતું કે, વિદેશી ભાષાના દબાણે વિદ્યાર્થીઓને ગોખણપટ્ટી પોપટ બનાવી દીધો છે. જેનાથી વિદ્યાર્થીની રચનાત્મકતા બહાર આવતી નથી. આથી યુજીસીના ફકત આદેશથી કામ નહીં ચાલે. આ માટે કેન્દ્ર સરકારે એક નિયામક સંસ્થા બનાવવી જોઈએ. અહીં કોઈપણ ભાષાને લાદવાનો પ્રશ્ન નથી પરંતુ શિક્ષણ, શોધ, પ્રશાસન અને ન્યાયાલયમાં ભારતીય ભાષાઓમાં તે લોકનો હકક અપાવવાનો છે જેને આપણે લોકતંત્ર કહીએ છીએ.

# ૨૦૨૪ ચૂંટણી પહેલા શરદ પવારનો માસ્ટર સ્ટ્રોક ? તેમના રાજીનામાની ઈનસાઈડ સ્ટોરી

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના અધ્યક્ષ પદેથી રાજીનામું આપનારા શરદ પવાર પોતાના દિલની વાત મોટાભાગે ઈશારાની ભાષામાં જ કરે છે અને તેમના નિર્ણયોની ઝલક પણ તેમના આ સંકેતોમાં છૂપાયલા હોય છે. આવો જ એક સંકેત થોડા દિવસ પહેલા આપ્યો હતો. મહારાષ્ટ્રના ચેમ્બુરમાં દ્રઝૅના યુવા કાર્યકરોના એક સંમેલનને સંબોધન કરતા તેમણે કહ્યું હતું કે રોટી બળે તે પહેલા પલટી નાખવી જોઈએ. હું પાર્ટીના નેતાઓને પણ એ જ કહી રહ્યો છું કે રોટી પલટવાનો સમય આવી ગયો છે.

તેમના આ નિવેદન પર મહારાષ્ટ્રમાં પહેલેથી ઉથલપાથલ મચાવી રહેલું રાજકારણ વધારે ગરમાવા લાગ્યું. મહારાષ્ટ્ર જ નહીં પરંતુ સમગ્ર દેશના રાજકીય ધૂરંધરો તેમના આ નિવેદનના તારણો કાઢવા લાગ્યા અને પાર્ટી અધ્યક્ષ પદેથી પોતાના રાજીનામાની જાહેરાત કરીને પવારે રાજકીય રોટલી પલટી નાખી. હવે તેમના જ ઈશારાને આધાર બનાવીએ તો કેટલાક મહત્વના સવાલ પેદા થાય છે. પહેલો એ કે શું પોતાની જ પાર્ટી એનસીપીમાં તેમના ભત્રીજાના તેવર જોતા શરદ પવારને પોતાની રાજકીય રોટી બળવાનો ખતરો પેદા થયો હતો અને બીજો એ કે જે પાર્ટીમાં શરદ પવાર જ બધુ છે અને જ્યાં તેમની વાત જ બ્રહ્મવાક્ય છે ત્યાં આખરે આવી સ્થિતિ પેદા કઈ રીતે થઈ.

શરદ પવારે પાર્ટી અધ્યક્ષ પદથી પોતાના રાજીનામાની જાહેરાત એક પત્ર દ્વારા પણ કરી જેમાં તેમણે લખ્યું કે મારા સાથીઓ, હું દ્રઝૅ અધ્યક્ષ પદ છોડી રહ્યો છું પરંતુ સામાજિક જીવનમાંથી રિટાયર થઈ રહ્યો નથી. સતત યાત્રા મારી જિંદગીનો અતૂટ ભાગ બની ચૂકી છે. હું પબ્લિક મિટિંગ અને કાર્યક્રમોમાં સામેલ થતો રહીશ. હું પુણે, બારામતી, મુંબઈ, દિલ્હી કે ભારતના કોઈ પણ ભાગમાં રહું તમારા માટે પહેલાની જેમ હાજર રહીશ. લોકોની સમસ્યાઓ ઉકેલવા માટે હું હંમેશા કામ કરતો રહીશ. લોકોનો પ્રેમ અને ભરોસો મારા શ્વાસ છે. જનતા સાથે મારો અલગાવ થઈ રહ્યો નથી. હું તમારી સાથે હતો અને છેલ્લા શ્વાસ સુધી તમારી સાથે રહીશ. આપણે લોકો મળતા રહીશું. આભાર.

એટલું જ નહીં શરદ પવારે એ પણ જાહેરાત કરી કે તેઓ હવે કોઈ ચૂંટણી લડશે નહીં. શરદ પવારની આ જાહેરાત બાદ હોલમાં એક પળ માટે તો સન્નાટો છવાઈ ગયો હતો. કદાચ ત્યાં બેઠેલા પાર્ટીના સીનિયર નેતાઓને તેમના આ નિર્ણયનો અંદેશો થઈ રહ્યો હતો પરંતુ પવારના આ નિર્ણયથી દરેક જણ સ્તબ્ધ થઈ ગયા. પાર્ટીના મહારાષ્ટ્ર પ્રદેશ અધ્યક્ષ જયંત પાટીલની આંખો ભરાઈ ગઈ. પ્રફુલ્લ પટેલ અને છગન ભૂજબળ સહિત અને સીનિયર નેતાઓ તેમને રાજીનામું પાછું લેવાની અપીલ કરવા લાગ્યા હતા.

પાર્ટીના કાર્યકરો પણ આ નિર્ણય માટે તૈયાર નહતા. હોલની અંદરથી લઈને બહાર સુધી કાર્યકર્તાઓ ધરણા પર બેસી ગયા. શરદ પવાર પાસે રાજીનામું પાછું ખેંચવાની ગુહાર લગાવવા લાગ્યા. હાલાત એવા પેદા થયા કે પાર્ટીના સીનિયર નેતાઓને તેમને સમજાવવા માટે મોરચો સંભાળવો પડ્યો.

જો કે એક વ્યક્તિ એવા પણ હતા જેઓ આ રાજીનામાથી સંતુષ્ટ હતા અને તે હતા શરદ પવારના ભત્રીજા અને મહારાષ્ટ્રના પૂર્વ ડેપ્યુટી સીએમ અજીત પવાર. એકબાજુ જ્યાં પાર્ટીના બીજા નેતાઓ શરદ પવારને રાજીનામું પાછું લેવા સમજાવી રહ્યા હતા ત્યાં અજીત પવારે કહ્યું કે શરદ પવાર પર રાજીનામું પાછું ખેંચવા માટે દબાણ કરવું જોઈએ નહીં. હવે નવા નેતૃત્વને તક મળવી જોઈએ.

અત્રે જણાવવાનું કે શરદ પવારે જ મહારાષ્ટ્રમાં મહાવિકાસ આઘાડીનો પાયો નાખ્યો હતો અને તેમણે ભાજપ વિરુદ્ધ અલગ અલગ વિચારધારાવાળી શિવસેના અને કોંગ્રેસને એકજૂથ કર્યા અને મહારાષ્ટ્રમાં સરકાર પણ ચલાવી. આવામાં તેમના આ નિર્ણયથી ફકત દ્રઝૅ માં જ નહીં પરંતુ મહાવિકાસ આઘાડીમાં પણ રાજકીય ખળભળાટ મચી ગયો છે. આ રાજીનામાંથી નક્કી થઈ ગયું છે કે



શરદ પવાર હવે પોતાની ૬૦ વર્ષની રાજકીય કરિયરને વિરામ આપવા જઈ રહ્યા છે. શરદ પવાર દેશના રાજકારણમાં સૌથી વરિષ્ઠ ચહેરો છે અને રાજકીય અનુભવના મામલે હાલ કોઈ પણ નેતા તેમની આસપાસ પણ નથી. આથી તેમને મહારાષ્ટ્રના રાજકારણના ભીષ્મ પિતામહ અને ચાણક્ય પણ કહેવાય છે અને આથી તેમના આ રાજીનામાને ફકત રાજીનામાં તરીકે જોવામાં નથી આવતું કારણ કે રાજકીય જાણકારોનો એક વર્ગ એવું પણ માને છે કે શરદ પવારનું આ રાજીનામું તેમના શકિત પ્રદર્શનની એક રીત છે અને તેઓ આ બહાને પાર્ટીની અંદરથી લઈને પરિવારની અંદર સુધી, એક સાથે અનેક નિશાન સાધવા માંગે છે.

આ નિશાન કયા હોઈ શકે તે પણ જાણો...

-એવું કહેવાય છે કે અજીત પવાર અને તેમના જૂથના કેટલાક નેતાઓ, શરદ પવાર પર ભાજપને સાથ આપવાનો દબાવ બનાવી રહ્યા હતા જેથી કરીને સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ શિંદે સરકારને કોઈ જોખમ ઉભુ થાય તો તેઓ તેમને સાથ આપી શકે. એટલું જ નહીં થોડા દિવસ પહેલા અજીત પવારના ૧૦થી ૧૫ ધારાસભ્યોના ભાજપમાં જવાની અટકળો પણ સામે આવી હતી અને અજીત પવારે પોતાના ટ્વીટર બાયોમાંથી પણ NCP નું ચૂંટણી ચિન્હ હટાવ્યું હતું.

અજીત પવાર વર્ષ ૨૦૧૯માં પણ ભાજપની સાથે જઈને રાજભવનમાં શપથ ગ્રહણ કરી ચૂક્યા હતા. આવામાં માનવામાં આવી રહ્યું છે કે શરદ પવારે રાજીનામાનો દાવ અજીત પાવરને ચિત્ત કરવા માટે જ ખેલ્યો છે જેથી કરીને અજીત પવારની સ્થિતિ પાર્ટીની અંદર નબળી પડે અને જો તેઓ પાર્ટી સાથે બળવો કરે તો પણ દ્રઝૅ ને વધુ નુકસાન ન થાય.

-શરદ પવારની ઉંમર ૮૨ વર્ષ છે અને તો કેન્સર સર્વાઈવર છે. ગત વર્ષે કોરોનાથી પણ સંક્રમિત થયા હતા. આવામાં બની શકે કે પોતાના સ્વાસ્થ્યને જોતા તેઓ પોતાની નજર સામે જ પાર્ટીની લીડરશીપ ટ્રાન્સફર કરવા માંગતા હોય જેથી કરીને આ નિર્ણયનો વિરોધ પણ ન થાય અને પાર્ટીને નવા ઉત્તરાધિકારી પણ મળી જાય.

● પવાર પરિવારમાં પાર્ટી પર વર્ચસ્વને લઈને પણ ઘમાસાણ છે. એકબાજુ જ્યાં શરદ પવારના પુત્રી સુપ્રીયા સુલે તેમના ઉત્તરાધિકારી ગણાય છે ત્યાં બીજી બાજુ તેમના ભત્રીજા અજીત પવાર પણ પાર્ટી પર દાવેદારી કરતા આવ્યા છે. એક ઈન્ટરવ્યુમાં અજીત પવારે ખુલીને મુખ્યમંત્રી બનવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું હતું કે NCP ૨૦૨૪ ની મહારાષ્ટ્ર ચૂંટણી પહેલા જ મુખ્યમંત્રી પદ માટે દાવો કરી શકે છે અને હું ૧૦૦ટકા મુખ્યમંત્રી બનવા ઈચ્છીશ એટલે કે તેમની મહત્વકાંક્ષા કોઈથી છૂપાયેલી નથી. આવામાં બની શકે કે શરદ પવાર પોતના આ ઈમોશન કાર્ડ દ્વારા આ વિવાદને ખતમ કરવા માટે કોશિશ કરી રહ્યા હોય.

● છેલ્લા કેટલાક સમયથી અજીત પવાર દ્રઝૅ ની અનેક મહત્વની બેઠકોમાં ગેરહાજર રહ્યા. આવામાં માનવામાં આવી રહ્યું છે કે શરદ પવારના પરિવારમાં બધુ ઠીક નથી. આવામાં હોઈ શકે કે શરદ પવારે અધ્યક્ષ પદેથી રાજીનામું આપીને ઈમોશનલ કાર્ડ ખેલ્યું હોય જેથી કરીને લોકસભા ચૂંટણી પહેલા પાર્ટીને એકજૂથ રાખી શકાય.

આમ તો રાજકારણમાં આ કોઈ નવી વાત નથી. આ પહેલા શિવસેના અધ્યક્ષ બાળ ઠાકરે પણ આવું બે વાર કરી ચૂક્યા છે. દર વખતે રાજીનામું આપવાની રજૂઆત બાદ તેઓ પાર્ટીની અંદર પહેલા કરતા વધુ મજૂબત થઈને ઊભરી આવ્યા હતા.

● વર્ષ ૧૯૭૮માં વિધાનસભા ચૂંટણી અને મુંબઈ નગર નિગમ ચૂંટણીઓમાં શિવસેનાનું પ્રદર્શન ખાસ નહતું. ત્યારબાદ બાળાસાહેબ ઠાકરેએ હારની જવાબદારી લેતા પાર્ટી પ્રમુખના પદેથી રાજનામાની જાહેરાત કરી પરંતુ શિસૈનિકોએ તે વિરુદ્ધ પ્રદર્શન શરૂ કરી દીધુ અને ત્યારબાદ બાળ ઠાકરેએ રાજીનામું પાછું ખેંચી લીધુ.

● એ જ રીતે ૧૯૯૨માં બાળ ઠાકરેના જૂના સાથે માધવ દેશપાંડેએ આરોપ લગાવ્યો કે ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે પાર્ટીની અંદર જરૂર કરતા વધુ હસ્તક્ષેપ કરી રહ્યા છે. પાર્ટીની રચના બાદ પહેલીવાર એવું બન્યું હતું કે પાર્ટીની અંદર કોઈએ બાળ ઠાકરે પર સવાલ ઉઠાવ્યા હતા. આવામાં તેમણે પાર્ટીના મુખપત્ર સામનામાં એક લેખ લકીને પરિવાર સહિત શિવસેના છોડવાની જાહેરાત કરી દીધી. આ ખબર પડતા જ શિવસૈનિકો રસ્તાઓ પર ઉતરી આવ્યા અને પ્રદર્શન શરૂ કરી દીધુ. તેમણે બાળ ઠાકરેને રાજીનામું પાછું ન લેવા પર માતોશ્રી સામે આત્મદાહની ધમકીઓ પણ આપવા માંડી. બાળ ઠાકરેના આ રાજીનામાની રજૂઆત બાદ પાર્ટીમાં તેમના વિરુદ્ધ બળવો ઠંડો પડી ગયો અને શિવસેના મહારાષ્ટ્રના રાજકારણમાં વધુ મજબૂત પાર્ટી બનીને સામે આવી.

### વિજ્ઞાને જણાવ્યું તેની પાછળનું કારણ

# પ્લેનમાં જમીન કરતાં વધુ ઝડપથી દારૂનો નશો ચડે

## તેની પાછળનું કારણ એ છે કે હવામાં અથવા ખૂબ ઊંચાઈએ દારૂ પીધા પછી માનવ શરીરની તેને સહન કરવાની ક્ષમતા ઘટી જાય છે

નવી દિલ્હી, તા.૪

દારૂ પીધા પછી નશો થવો એ સામાન્ય વાત છે, પરંતુ જો આપણે કહીએ કે જ્યારે તમે પ્લેનની અંદર દારૂ પીઓ છો, તો તમે જમીન કરતાં વધુ ઝડપથી દારૂનો નશો ચડે તો તમે શું કહેશો. આ વાત બિલકુલ સાચી છે. આવું થવા પાછળ કંઈ ખાસ નથી, તે માત્ર વિજ્ઞાનની થિયરી છે. જે આજે અમે તમને અહીં જણાવવા જઈ રહ્યા છીએ. જો કે, તે પહેલા આપણે પ્લેન સંબંધિત કેટલાક વધુ પ્રશ્નોના જવાબો મેળવીશું, જેમ કે જો કોઈ ઉડતા પ્લેનમાં દરવાજો ખોલશે તો શું થશે અને ટેકઓફ અને લેન્ડિંગ સમયે વિન્ડો શેડ્સ કેમ ઉંચા કરવા પડે છે. ડેઈલી મેલના એક અહેવાલ અનુસાર આ સવાલનો જવાબ આપતા ઓસ્ટ્રેલિયાના ફ્લાઈટ એટેન્ડન્ટ બ્રોડી કેપ્રોન કહે છે કે લોકો એવું વિચારે છે કે જે રીતે આપણે જમીન પર ચાલતી કારનો દરવાજો ખોલી શકીએ છીએ તેવી જ રીતે આપણે ઉડતા પ્લેનનો દરવાજો પણ ખોલી શકીએ છીએ, પણ એવું બિલકુલ નથી. તમે ઈચ્છો તો પણ ઉડતા પ્લેનનો દરવાજો ખોલી શકતા નથી, તેની પાછળનું કારણ એ છે કે જ્યારે પ્લેન ૩૬ હજાર ફૂટની ઉંચાઈ પર ઉડતું હોય ત્યારે તેના દરવાજા પર લગભગ ૨૪ હજાર પાઉન્ડનું દબાણ હોય છે, આવી સ્થિતિમાં ૩.૬ ફૂટ પહોળો રસ્તો અને ૬ ફૂટ લાંબો લોખંડનો દરવાજો ખોલવા માટે તમારી પાસે ઘણા હાથીઓની તાકાત હોવી જોઈએ. ફિલ્મી સ્ટાઈલમાં તમારે બાહુબલી કરતા વધુ પાવરફુલ બનવું પડશે. આ સવાલનો જવાબ આપતા ઓસ્ટ્રેલિયાના ફલાઈટ એટેન્ડન્ટ બ્રોડી કેપ્રોન કહે છે કે લેન્ડિંગ કે ટેકઓફ દરમિયાન જોખમ સૌથી વધુ હોય છે. આવી સ્થિતિમાં પ્લેનની અંદરના લોકોના ડરેલા ચહેરા જોઈને તમે વધુ પરેશાન થઈ શકો છો. એટલા માટે લોકોને ટેકઓફ અને લેન્ડિંગ સમયે વિન્ડો શેડ્સ વધારવા માટે કહેવામાં આવે છે, જેથી લોકો બહારનો કુદરતી પ્રકાશ જોઈ શકે અને બહારનો સુંદર નજારો જોઈને તેમના ડરને દૂર કરી શકે. પ્લેનમાં દારૂ પીવો કોઈપણ વ્યક્તિ માટે ખતરનાક બની શકે છે. તેની પાછળનું કારણ એ છે કે હવામાં અથવા ખૂબ ઊંચાઈએ દારૂ પીધા પછી, માનવ શરીરની તેને સહન કરવાની ક્ષમતા ઘટી જાય છે, તે પછી જે વ્યક્તિ દારૂ પીવે છે તે પોતાના પરનો નિયંત્રણ ગુમાવે છે. આ સવાલ પર ઓસ્ટ્રેલિયાના ફલાઈટ એટેન્ડન્ટ બ્રોડી કેપ્રોન કહે છે કે જ્યારે તમે ઊંચાઈ પર હવામાં ઉડતા હોવ ત્યારે ત્યાં ઓક્સિજનનું પ્રમાણ ઓછું હોય છે. આવી સ્થિતિમાં, જ્યારે તમે આલ્કોહોલ પીતા હોવ ત્યારે તમારા શરીર પર આલ્કોહોલની અસર ઘણી વધારે હોય છે.

### વૈજ્ઞાનિકે પણ કહ્યું કદાચ સાચું છે

# એવા પથ્થર જે બાળકોને જન્મ આપે છે અને ચાલે પણ છે

નવી દિલ્હી, તા.૪

રોમાનિયાના એક નાનકડા શહેર કોસ્ટેસ્ટીમાં આવા બલ્બસ પત્થરો જોવા મળે છે, જેઓ પોતે જ નવા પથ્થરો ઉત્પન્ન કરે છે, પણ પોતાની જાતને ઉગાડે છે અને ક્યારેક એવું લાગે છે કે તેઓ સ્થાનો પણ બદલી નાખે છે. વિજ્ઞાન પણ કહે છે કે આ કદાચ સાચું છે. આ પથ્થરોને ટ્રોવેન્ટેસ કહેવામાં આવે છે. લોકો તેમને ડાયનાસોરના ઈંડા, અવશેષો અને ચમત્કારિક પથ્થરો પણ માને છે. વૈજ્ઞાનિકો માનતા હતા કે ટ્રોવેન્ટેસ એ એક પ્રકારનો કોંક્રિટ છે, જેમાં ચૂનાના પત્થર, રેતીના પત્થર અથવા ખડકોના સ્તરોમાં ખનિજો હોય છે. તે સામાન્ય

## ભૂકંપના કારણે તેમના સ્થાનોમાં ફેરફાર થયો છે, વાસ્તવમાં આ વિસ્તાર પ્રાચીનકાળમાં દરિયો હોવો જોઈએ

રીતે કાંકરા, પાંદડા, શેલ, અસ્થિ અથવા અશ્મિના ન્યુક્લિયસની આસપાસ એકત્ર થયેલા ભેજ અથવા ખનિજોમાંથી બને છે.

વૈજ્ઞાનિકો માને છે કે આ વિચિત્ર પત્થરો માણસો કરતાં જૂના છે - લગભગ ૫.૩ મિલિયન વર્ષો પહેલા. ભૂકંપના કારણે તેમના સ્થાનોમાં ફેરફાર થયો છે. વાસ્તવમાં આ વિસ્તાર પ્રાચીનકાળમાં દરિયો હોવો જોઈએ. ટ્રોવન્ટ્સ વિશે બીજી એક વિચિત્ર બાબત એ છે કે તેઓ પોતાની અંદર સિમેન્ટ જેવો પદાર્થ બહાર કાઢે છે. આ પથ્થરની આ વિશેષતા આપણને તેને એક જીવ તરીકે માનવા માટે મજબૂર કરે છે. જ્યારે પણ ભારે વરસાદ પડે છે ત્યારે તેમાંથી સિમેન્ટ નીકળવા લાગે છે.

એવું માનવામાં આવે છે કે આ ખનિજ પથ્થરમાં પહેલેથી જ કેટલાક રાસાયણિક પદાર્થો છે, જેમાં પ્રતિક્રિયાને કારણે ખડકો વધે છે. જો કે આ બદલાવ જોવા માટે લાંબો સમય રાહ જોવી પડશે. સંશોધકો કહે છે કે ટ્રોવેન્ટ્સ દર ૧,૦૦૦ વર્ષે ૧.૫ થી ૨ ઈંચ (૪ થી ૫ સે.મી.) વધે છે. આ પથ્થરની આ વૃદ્ધિને કારણે જ કહેવાય છે કે તે બાળકો પણ આપે છે. તેની નવી વૃદ્ધિ બલ્બ તરીકે ઉભરી આવે છે. સમય જતાં તે પિતૃ ખડકથી અલગ થઈને ટ્રોવેન્ટ્સ બનાવે છે. તેના પર લોકો કહે છે કે આ પથ્થરોએ બાળકોને જન્મ આપ્યો છે. કેટલાક લોકો માને છે કે ટ્રોવેન્ટેસ પણ ચાલી શકે છે. એક સંશોધકે કથિત રીતે બે અઠવાડિયા માટે ટ્રોવેન્ટ્સનું ફિલ્માંકન કર્યું હતું. પછી દાવો કર્યો કે તે એક ઈંચનો દસમો ભાગ (૨.૫ મિલીમીટર) આગળ વધ્યો. જોકે કેટલાક લોકો તેના પર શંકા પણ કરે છે. એવું કહેવાય છે કે માટી ગરમ થવાથી કે ઠંડક થવાથી પથ્થરો વચ્ચે હલનચલન થઈ શકે છે. રોમાનિયાના વાલ્સી કાઉન્ટીમાં કોસ્ટેસ્ટી ગામ નજીક રેતીની ખાણમાં આ ખાસ ટ્રોવેન્ટેસ પથ્થરો પુષ્કળ પ્રમાણમાં જોવા મળે છે. હવે યુનેસ્કોએ આ પથ્થરોના વિસ્તારોને સુરક્ષિત કર્યા છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

મોટાભાગના મનુષ્ય પોતાના અત્મશક્તિને ઓળખતા નથી...

- અથર્વવેદ

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.આદર-૧૩૯૨, મુ. શવ્વાલ-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, વૈશાખ સુદ-૧૪ ભગવાન શ્રી નૃસિંહ જન્મોત્સવ, શ્રી આદ્યશંકરાચાર્ય કૈલાશગમન, શ્રી ઘેલારામજી જયંતિ તા.૪ મે ૨૦૨૩, ગુરૂવાર, પારસી તા.૨૨, મુસ્લિમ તા.૧૩, ચિત્રા નક્ષત્ર, વજ્ર યોગ, ગર કરણ, સૂ.ઉ.૬:૧૬, સૂ.અ.૭:૧૮

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ), સવારે ૯:૨૦ ક. પછી જન્મેલા બાળકની રાશી તુલા (ર ત) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : પ્રિયજનથી મિલન-મુલાકાત સફળ બને. કાર્ય સફળતા માટે વિશેષ પુરૂષાર્થ કરવો પડે.
વૃષભ : ધંધાના નવા આયોજનમાં સફળતા મળે. મનની મુરાદ પૂરી થાય.
મિથુન : જીવનસાથીના આરોગ્ય અંગે ચિંતા સતાવે. માનસિક ઉચાટમાં વધારો થાય.
કર્ક : આકસ્મિક પ્રવાસ-મુસાફરીના યોગ છે. અગત્યના કાર્યોમાં પ્રગતિ થાય.
સિંહ : આકસ્મિક આફત આવી પડે. સ્વમાન ભંગ થયાનો અનુભવ થાય.
કન્યા : આર્થિક સમસ્યા તંગ બને. વ્યર્થ વાદ-વિવાદના ભોગ બનવું પડે.
તુલા : ઉત્સાહભર્યો દિવસ વ્યતિત થાય. આર્થિક બાબતોને લગતા કાર્યમાં સફળતા મળે.
વૃશ્ચિક : મહત્વના કાર્યોમાં સફળતા મળે. નવિન શુભ સમાચાર મળે.
ધન : આવક-જાવક સરભર રહે. જોખમપૂર્ણ કાર્યથી દૂર રહેવું.
મકર : કૌટુંબિક મતાભેદો ઊભા થાય. ખર્ચનું પ્રામણ વધતું જણાય.
કુંભ : આર્થિક લાભ ઉઠાવી શકશો. અગત્યના કાર્યમાં સાફળતા મળે.
મીન : આર્થિક સમસ્યા હળવી બને. મન પ્રફુલિત રહે.

# સરકારે જાહેર કરી અનાજ વિતરણ માટે નવી ગાઈડલાઈન

નવી દિલ્હી તા. ૪

રાશનકાર્ડ ધારકોને મોટો ઝટકો સરકારે આપ્યો છે. છેલ્લા કેટલાક સમયથી વધતી રાશન ડેપો ચલાવતા સંચાલકોની મનમાનીની ફરિયાદોના કારણે સરકારે મોટું પગલું ભર્યું છે. આ મામલે હવે અન્ન અને પુરવઠા વિભાગ કડક પગલાં લઈ રહ્યો છે. જે અંતર્ગત વિભાગ દ્વારા આ મામલે નવો આદેશ જાહેર કર્યો છે. જેનું પાલન તમામ લોકોએ કરવું પડશે. જે પણ વ્યક્તિ સરકારના આ આદેશોનું પાલન નહીં કરે તેમને રાશનનો લાભ નહીં મળે. આ સરકારી આદેશમાં કહેવામાં આવ્યું છે કે હવેથી રાશન માટેનો ડેપો કોઈપણ ઓપરેટર પોતાના ઘરની અંદર નહીં ચલાવી શકે. જો સંચાલકનું ઘર નજીકમાં હશે તો પણ તેને દુકાનમાં જ ડેપો ચલાવવો પડશે. ડેપો ઓપરેટ કરવાની સત્તા પરિવારના સભ્યોને નોમિની બનાવીને જ આપી શકાશે.

આ સાથે કહેવામાં આવ્યું છે કે જો આ મામલે કોઈપણ પ્રકારની ગડબડ થશે તો કડક કાર્યવાહી કરવામાં આવશે. જો કોઈ વોર્ડ અથવા ગામમાં પણ પુરવઠો આવ્યો હોય તો ડેપો ઓપરેટર વિભાગ દ્વારા નિર્ધારિત જગ્યાએ બેસીને જ રાશનનું વિતરણ કરી શકશે. આ ઉપરાંત સમયાંતરે વિભાગ ડેપોનું નિરીક્ષણ કરશે. આ નિરીક્ષણ દરમિયાન જો કોઈ ડેપો ઓપરેટર કોઈપણ ભૂલ



કરતા જોવા મળશે તો તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. ડેપો ઓપરેટરોને મળેલી માર્જિનની રકમ વિભાગ દ્વારા જ આપવામાં આવે છે અને તે સરકાર દ્વારા બેંક ખાતામાં જમા કરવામાં આવશે.

નવી ગાઈડલાઈન અનુસાર ડેપો ઓપરેટરોએ અરજીપત્રક સાથે તેમનો એકાઉન્ટ નંબર, આધાર કાર્ડની નકલ સંબંધિત વિભાગમાં જમા કરાવવાની રહેશે. આ સાથે ડેપો ઓપરેટરોએ નિર્ધારિત જગ્યાએ જ રાશનનું વિતરણ કરવાનું રહેશે. વિભાગીય આદેશોમાં જણાવવામાં આવ્યું હતું કે જ્યાં ડેપો ફાળવવામાં આવ્યો છે તે સ્થળે જ ગ્રાહકોને રાશનનું વિતરણ કરવામાં આવશે.

# ગુજરાતની પ્રથમ વર્ચ્યુઅલ ટ્રાફિક કોર્ટની શરૂઆત

## ઈ ચલણ દંડની રકમ ૯૦ દિવસમાં નહિ ચૂકવાય તો આપો આપ ટ્રાફિક કોર્ટમાંથી ચલણ મોકલાશે

અમદાવાદ, તા.૪

ગુજરાતની પ્રથમ વર્ચ્યુઅલ ટ્રાફિક કોર્ટની આજથી અમદાવાદની મેટ્રો કોર્ટમાં શરૂઆત થઈ છે. જેમાં વાહન માલિકને SMS ટ્રાફિક નિયમ ભંગની નોટિસ જશે.

ગુજરાત રાજ્યમાં નવતર પહેલ કરવામાં આવી છે. જેમાં સમગ્ર રાજ્યના ટ્રાફિક ચલણ માટે અમદાવાદની મેટ્રો કોર્ટ ખાતે વર્ચ્યુઅલ ટ્રાફિક કોર્ટની આજથી શરૂઆત કરવામાં આવી છે. અમદાવાદ શહેરમાં ટ્રાફિક પોલીસ અન RTO ના ચલણ સાથે વન નેશન વન ચલણ પ્રોજેક્ટનું સફળ સંકલન કરવામાં આવ્યું છે. સમગ્ર ગુજરાત રાજ્ય માટે વર્ચ્યુઅલ ટ્રાફિક કોર્ટની શરૂઆત કરવામાં આવી છે.

જેમાં ઈ ચલણ દંડની રકમ ૯૦ દિવસમાં નહિ ચૂકવાય તો આપો આપ ટ્રાફિક કોર્ટમાંથી ચલણ મોકલાશે. જેમાં વાહન માલિકના મોબાઈલ નંબર પર SMS દ્વારા નોટિસ આપવામાં આવશે.

# નકલી કોલેજો અને યુનિવર્સિટીઓ ભારતના વસ્તીવિષયક જ્ઞાન અને કૌશલ્ય માટે ખતરો છે



નવી દિલ્હી તા.૪

દિલ્હીની યુનાઈટેડ નેશન્સ યુનિવર્સિટીઅને નાગપુરની રાજા અરેબિક યુનિવર્સિટીમાં શું સામ્ય છે ? કેન્દ્ર સરકાર દ્વારા બંનેને નકલી યુનિવર્સિટી જાહેર કરવામાંઆવી છે. તોઆ નકલી શિક્ષણની દુનિયામાં આપનું સ્વાગત છે. નોઈડા NCRની ખોરામાં, લગભગ ૩,૨૭૫,૦૦૦ રહેવાસીઓની વસાહતમાં ઘણી બધી 'વૈશ્વિક' યુનિવર્સિટીઓ અને કોલેજો છે જે આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સાથે જોડાણનો દાવો કરે છે. તેમના વિદ્યાર્થીઓ માટે તેઓ દાવો કરે છે કે, તેઓ કંઈપણ બની શકે છે જેમ કે, સિવિલ સેવક, વિદ્વાન, ડોકટરો અથવા ઈજનેર. આના જેવી ખાનગી કોલેજો, ઓછી તાલીમ સાથે શિક્ષકોને રોજગારી આપે છે, જેઓ જૂના અભ્યાસક્રમો ભણાવે છે અને કોઈ વ્યવહારૂં અનુભવ આપતા નથી. દેશની આવી ખાનગી યુનિવર્સિટીઓ અને કોલેજો, જે તદ્દન નકલી ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે ચાલે છે, તે વિવિધ આકાર અને કદની હોય છે. આ 'શિક્ષણના સ્થળો'માં યોગ્ય શિક્ષકોનો અભાવ હોય છે અને ઘણા કિસ્સાઓમાં, નિયમિત વિદ્યાર્થીઓ પણ, જેઓ તેમના વર્ગમાં હાજરી આપવાની અને પરીક્ષાના સમયે હાજરી આપવાની ચિંતા કરતા નથી. આ બધા માટે કોણ જવાબદાર છે. માત્ર ફેકલ્ટી ? આવી કોલેજોઅને યુનિવર્સિટીઓમાં કોઈ પ્રિન્સિપાલ કે વાઈસ ચાન્સેલર હોતા નથી. મોટાભાગે નોકરીના અભાવે અન્ડરકવોલિફાઈડ શિક્ષકોની વાઈસ ચાન્સેલર, રજિસ્ટ્રાર અને પ્રિન્સિપાલ જેવા ઉચ્ચ હોદ્દા ઉપર નિમણૂક આપવામાંઆવેછે. આવી નકલી સંસ્થાઓ પરંતુ ભારતની આશાસ્પદ વસ્તી વિષયક માટે ગંભીર ખતરો છે. સંભવતઃ ભારત પૃથ્વી ઉપર સૌથી યુવા વસ્તી ધરાવતો વિશ્વનો સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ બની ગયો છે અને તેના પગલે આ ખતરો વધી રહ્યો છે. સમાચાર એજન્સી બ્લૂમબર્ગે દિલ્હી યુનિવર્સિટીમાં શિક્ષણના પૂર્વ ડીન અને કેન્દ્રીય શિક્ષણ બોર્ડના ભૂતપૂર્વ સભ્ય અનિલ સદગોપાલને ટાંકતા કહ્યું કેઃ આવી કહેવાતી ડિગ્રીઓને નકામી ગણવી એ એક અલ્પોક્તિ હશે. જ્યારે લાખો યુવાનો દર વર્ષે બેરોજગાર બને છે, તો સમગ્ર સમાજ અસ્થિર બની જાય છે. મહત્વાકાંક્ષી ભારતમાં, એવી સંસ્થાઓ છે જે જીવનમાં આગળ વધવા માટે જરૂરી છે. જો કે નકલી સંસ્થાઓનો ખતરો પણ છે. ઓગસ્ટ ૨૦૨૨માં, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (યુજીસી) એ દિલ્હી, કર્ણાટક, કેરળ, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ, યુપી, ઓડિશા, પુડુચેરી અને આંધ્રપ્રદેશમાં કાર્યરત ૨૧ નકલી યુનિવર્સિટીઓની સૂચિ બહાર પાડી હતી. UGCના નોટિફિકેશનમાં કહેવામાં આવ્યું છે કેઃ વિદ્યાર્થીઓ અને સામાન્ય જનતાને આથી જાણ કરવામાં આવે છે કે હાલમાં UGC એક્ટના ઉલ્લંઘનમાં કાર્યરત ૨૧ સ્વ-શૈલીવાળી, માન્યતા વિનાની સંસ્થાઓને નકલી યુનિવર્સિટી તરીકે જાહેર કરવામાં આવી છે અને તેઓને કોઈ પણ ડિગ્રી આપવાનો અધિકાર નથી. ઈલેક્ટ્રિક વાહન ઉત્પાદન, કૃત્રિમ બુદ્ધિમત્તા અને માનવ-મશીન ઈન્ટરફેસ જેવી નવી અને ઉભરતી શાખાઓમાં ભરતી કરવા માંગતી કંપનીઓ સાથે આ છેતરપિંડીઓનો વિસ્તાર વધી ગયો છે. આવી કોલેજો અને યુનિવર્સિટીઓ માટે તે બહુ મહત્વનું નથી. આજે દેશનું આર્થિક એન્જીન ધમધમી રહ્યું છે, ત્યારે વધુ વિદેશી કંપનીઓ નવા ક્ષેત્રોમાં આવવા અને રોકાણ કરવા તૈયાર છે, જેનાથી યુવા પ્રતિભાનો અવકાશ વધી રહ્યો છે, પણ આવી નોકરીઓ માટે તેમનામાં જરૂરી કૌશલ્યનો અભાવ છે. જો વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થામાં નિપુણતા ઉપલબ્ધ ન હોય તો રોજગારનો સમગ્ર ઉદ્દેશ્ય નિષ્ફળ જાય છે. અને સરકારી ક્ષેત્રમાં રોજગારીનું કડક નિયમન થવાથી, તકો વિના યુવાનોની સેના સંભવિતપણે વિસ્ફોટક બની શકે છે. નરેન્દ્ર મોદી સરકાર, તેની મહત્વાકાંક્ષી નવી શિક્ષણ નીતિ, ૨૦૨૦માં આવી માળખાકીય ખાધને કારણે અટકી જવાના ભય હેઠળ છે. તે સંસ્થાઓની ગુણવત્તા સુધારવા માટે સખત દબાણ કરી રહી છે. આ સેક્ટરને અંકુશમુક્ત કરવાના મહત્વના પગલા તરીકે, સરકારે અગ્રણી વિદેશી યુનિવર્સિટીઓને દેશમાં કેમ્પસ સ્થાપવા અને ડિગ્રી આપવાની મંજૂરી આપવાની પ્રક્રિયા પણ શરૂ કરી છે. શિક્ષણનું 'આંતરરાષ્ટ્રીયકરણ' કરવાનું પગલું ભારતીય વિદ્યાર્થીઓને પોસાય તેવા ખર્ચે વિદેશી લાયકાત મેળવવા અને ભારતને એક આકર્ષક વૈશ્વિક અભ્યાસ સ્થળ બનાવવા માટે સક્ષમ બનાવવાનો છે. આ પગલું વિદેશી સંસ્થાઓને દેશની યુવા વસ્તીમાં કૌશલ્ય વિકસિત કરવામાં મદદ કરશે. ભારતમાં કેમ્પસ ખોલવા માટે લાયકાત ધરાવતી યુનિવર્સિટીઓ એકંદર અથવા વિષય મુજબ વૈશ્વિક રેક્િંગમાં ટોચના ૫૦૦માં સ્થાન મેળવવી જોઈએ. જે યુનિવર્સિટીઓએ આ મુજબ રેક્િંગ મેળવ્યું છે, તેમને તેમના ભારતીય કેમ્પસમાં સમાન વિષયો ઓફર કરવાની મંજૂરી આપવામાં આવશે. આનો અર્થએ થાય છે કે અમેરિકાની યેલ, સ્ટેનફોર્ડ, હાર્વર્ડ અને બ્રિટનની યુનિવર્સિટી ઓફ કેમ્બ્રિજ અને ઓક્સફર્ડ કિંગ્સ કોલેજ જેવી બ્લુ ચિપ યુનિવર્સિટીઓ પણ ભારતમાં આવી શકે છે, જે ભારતીય વિદ્યાર્થીઓને વિદેશની મુસાફરી કર્યા વિના ઉચ્ચ સ્તરનું શિક્ષણ આપી શકે છે.

# આગામી પાંચ વર્ષમાં AI સહિત આ સેક્ટરોમાં થશે નોકરીઓની ભરમાર, જાણો ક્યાં છવાશે સંકટના વાદળ

મુંબઈતા.૪

ભારતમાં આગામી પાંચ વર્ષમાં લગભગ જોબ માર્કેટમાં ઘણા ઉતાર-ચઢાવ જોવા મળ્યા. વર્લ્ડ ઈકોનોમિક ફોરમ દ્વારા જારી ફ્યુચર ઓફ જોબ્સ નામના એક રિપોર્ટમાંઆ વાતની માહિતી આપવામાં આવી છે. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, મશીન લર્નિંગ અને ડેટા સેગમેન્ટના વધારાના કારણે ભારતીય જોબ માર્કેટમાં નોકરીઓમાં લગભગ ૨૨ ટકા પરિવર્તન જોવા મળી શકે છે. WEFના રિપોર્ટ મુજબ ન્યૂ ટ્રેન્ડના કારણે ગ્લોબલ જોબ માર્કેટમાં ૨૦૨૭ સુધી નોકરીઓમાં ૨૩ ટકા પરિવર્તન આવશે. આ દરમ્યાન નોકરીઓમાં વૃદ્ધિ દર ૧૦.૨ ટકા અને ઘટાડાનો દર ૧૨.૩ ટકા થઈ શકે છે. તેની સાથે જ રિપોર્ટમાં જાણવા મળ્યું છે કે, વર્ષ ૨૦૨૭ સુધી સંપૂર્ણ વિશ્વમાં ૬૯ મિલિયન એટલે ૬.૯૦ કરોડ




નવી જોબ્સ ક્રિએટ થશે જ્યારે ૮૩ મિલિયન નોકરીઓ સમાપ્ત થવાની આશા છે. આ રીતે જોવામાં આવે તો લગભગ ૧૪ મિલિયન નોકરીઓમાં કાપ થશે. આ વર્તમાન જોબ્સના બે ટકાની બરાબર છે. તેની સાથે જ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, જોબ માર્કેટમાં જે કારણેથી ઉથલ-પાથલ જારી રહેશે. તેમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, મશીન લર્નિંગ અને ડેટા સેગમેન્ટનું સૌથી મોટું યોગદાન હશે. સંપૂર્ણ વિશ્વના જોબ માર્કેટમાં વર્ષ ૨૦૨૭ સુધી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને મશીન લર્નિંગ, ડેટા એનાલિસ્ટ અને સાઈન્ટિસ્ટ્સ અને ડેટા એન્ટિ ક્લર્કની નોકરીઓ પેદા થવાનો અંદાજ છે. જો કે, નોકરીઓમાં સૌથી મોટો લાભ એગ્રીકલ્ચર અને એજ્યુકેશન ઈન્ડસ્ટ્રીથી આવશે. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું કે, એજ્યુકેશન ઈન્ડસ્ટ્રીમાં નોકરીઓમાં લગભગ ૧૦ ટકાની વૃદ્ધિ થવાની આશા છે.

# દેશમાં આર્થિક કટોકટી અને સરકાર અને ન્યાયતંત્ર વચ્ચેના સંઘર્ષ સાથે પાકિસ્તાનમાં સામાન્ય ચૂંટણીઓ યોજવા માટેની કવાયત

નવી દિલ્હી, તા.૪

પાકિસ્તાન છેલ્લા કેટલાક મહિનાઓથી સૌથી ખરાબ આર્થિક કટોકટી સાથે સંઘર્ષ કરી રહ્યું છે, પાકિસ્તાન સરકાર અને ન્યાયતંત્ર વચ્ચે અભૂતપૂર્વ સંઘર્ષ ચાલુ છે અને તેની વચ્ચે આ વર્ષના અંતમાં દેશમાં સામાન્ય ચૂંટણીઓ યોજાવાની છે. દેશમાં ફુગાવો રેકોર્ડ ૩૫%ને સ્પર્શી ગયો છે, દેશમાં ગરીબી, વધતી જતી ખાદ્યપદાર્થોની કિંમતો અને વ્યાપક ભૂખમરો છે, અને બંધારણીય કટોકટી પણ છે. ૨૩ કરોડની વસ્તી ધરાવતો દક્ષિણ એશિયામાં ભારતનો આ પાડોશી દેશ પૂર્વ વડાપ્રધાન અને વિપક્ષ પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફના અધ્યક્ષ ઈમરાનખાને પંજાબ અને ખૈબરની પ્રાંતીય એસેમ્બલીઓનું વિસર્જન કર્યું ત્યારથી રાજકીય અને બંધારણીય મડાગાંઠનો સામનો કરી રહ્યો છે. પાકિસ્તાનના બંધારણમાં એસેમ્બલીના વિસર્જનના ૯૦ દિવસની અંદર ચૂંટણીઓ કરાવવાની આવશ્યકતા છે અને પ્રાંતીય અને રાષ્ટ્રીય એસેમ્બલી બંનેની ચૂંટણીઓ પરંપરાગત રીતે એકસાથે થતી રહી છે. શાસક પાકિસ્તાન મુસ્લિમ લીગ-નવાઝ (PML-N), જે પાકિસ્તાન ડેમોક્રેટિક મૂવમેન્ટ (PDM)ની ગઠબંધન સરકાર ચલાવે છે, તે મોંઘવારી અને આર્થિક સંકટને નિયંત્રિત કરવામાં તેની નિષ્ફળતાના કારણે વિપક્ષ દ્વારા પરાસ્ત થવાના ડરથી વહેલી ચૂંટણીને ટાળવા માંગે છે. રાજકીય સંકટને કારણે પાકિસ્તાનમાં ઊભી થતી કોઈપણ અસ્થિરતા દક્ષિણ એશિયાના ક્ષેત્રમાં અસર કરશે અને ભારત સાથેના તેના સંબંધોને પણ અસર કરશે. પૂર્વ ક્રિકેટ સ્ટારમાંથી રાજકારણી બનેલા ઈમરાનખાનને ૨૦૨૨માં નેશનલ એસેમ્બલીમાં અવિશ્વાસના મત દ્વારા વડાપ્રધાન પદ ઉપરથી હાંકી કાઢવામાં આવ્યા હતા. દેશમાં આર્થિક અરાજકતા, ફુગાવો, ગેસ, ઈંધણ અને વીજળીની અછતને કારણે વડાપ્રધાન શાહબાઝ શરીફની આગેવાની હેઠળની સંઘીય સરકાર લોકોમાં અપ્રિય બની ગઈ છે. ચીફ જસ્ટિસ ઉમર અતા બંદિયાલના નેતૃત્વમાં પાકિસ્તાનની સુપ્રીમ કોર્ટની ત્રણ જજની બેન્ચે એપ્રિલની શરૂઆતમાં નિર્દેશ આપ્યો હતો કે પંજાબમાં ૧૪ મેના રોજ ચૂંટણી યોજવામાં આવે અને ખૈબર પખ્તુનખ્વામાં ચૂંટણીની તારીખ ટૂંક સમયમાં નક્કી કરવામાં આવે. તેણે સરકારી અધિકારીઓને પાકિસ્તાનના ચૂંટણી પંચને સહકાર આપવા સૂચના આપી અને વહીવટીતંત્રને ચૂંટણી યોજવા માટે પંચને ૨૧ અબજ તાત્કાલિક આપવા કહ્યું હતું. ફેડરલ કેબિનેટે સર્વોચ્ચ અદાલતના આ નિર્ણયને નકારી કાઢ્યો અને નેશનલ એસેમ્બલીના સભ્યો (MNAs)એ ગૃહમાં તેની વિરૂદ્ધ પ્રસ્તાવ પસાર કર્યોર હતો. શરીફે નેશનલ એસેમ્બલીને સંબોધિત કરતા કહ્યું કે સુપ્રીમ કોર્ટનો નિર્ણય ન્યાયની હત્યા સમાન છે. કાયદા પ્રધાન આઝમ નઝીર તરારે પણ દલીલ કરી હતી કે ૧૭ ન્યાયાધીશો ધરાવતી સંપૂર્ણ સુપ્રીમ કોર્ટે આ કેસની સુનાવણી કરવી જોઈએ. ફેડરલ સરકારે સ્પષ્ટ કર્યું છે કે તે વહેલી સામાન્ય ચૂંટણી નહીં કરે અને પ્રાંતીય એસેમ્બલીની ચૂંટણીઓ અલગથી યોજશે નહીં. ચૂંટણીમાં વિલંબ કરવો એ ગેરબંધારણીય છે. તેણે વહેલી ચૂંટણીની માંગ સાથે ઝુંબેશ શરૂ કરી છે. દેશના રાજકીય વિશ્લેષકોનું માનવું છે કે આ સમયે સામાન્ય ચૂંટણીઓ યોજવી એ આર્થિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ખર્ચાળ છે અને રાજકીય નેતાઓ અને સેના સહિત તમામ હિતધારકોએ રાષ્ટ્રીય સર્વસંમતિ સરકાર રચવા માટે સંમત થવું જોઈએ. સામાન્ય ચૂંટણીઓ યોજવા માટે વિપક્ષની હાકલ વચ્ચે, શરીફે ૨૭ એપ્રિલના રોજ નેશનલ એસેમ્બલીમાં વિશ્વાસનો મત જીત્યો હતો, જેમાં શાસક ગઠબંધનની જીત થઈ હતી. સ્પીકર રાજા પરવેઝ અશરફે જાહેરાત કરી કે નીચલા ગૃહમાં સાદી બહુમતી હાંસલ કરવા માટે જરૂરી ૧૭૨ મતો સામે તેમણે ૧૮૦ મત મેળવ્યા છે. મુખ્ય ન્યાયાધીશ બંદિયાલે ફેડરલ સરકાર અને પીટીઆઈને ચૂંટણીની તારીખો ઉપર વાટાઘાટો કરવા વિનંતી કરી છે. પંજાબમાં ચૂંટણી યોજવા અંગેની સુનાવણી દરમિયાન તેમણે ટિપ્પણી કરી હતી કે કોર્ટ બંધારણનો અમલ કરવા ઈચ્છે છે જેથી વિવાદો ઉકેલી શકાય. શરીફે કહ્યું કે તેમની સરકાર પીટીઆઈને વાટાઘાટો માટે આમંત્રિત કરવા માટે સંમત થઈ છે, જો કે તેમના કેટલાક ગઠબંધન ભાગીદારો તેની તરફેણમાં નથી. સરકાર અને પીટીઆઈની ટીમો વચ્ચે મંત્રણાનો બીજો રાઉન્ડ ૨૮ એપ્રિલે યોજાયો હતો અને ત્રીજો રાઉન્ડ થશે અને ત્યારબાદ નિર્ણય જાહેર કરવામાં આવશે. સરકારના પક્ષે આ વાટાઘાટો દરમિયાન કહ્યું હતું કે એસેમ્બલીનું તાત્કાલિક વિસર્જન કરી શકાય તેમ નથી કારણ કે બજેટ નજીક છે અને સરકાર ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF) પ્રોગ્રામને પુર્નઃ જીવીત કરી રહી છે.

# રાજ્યની જાણીતી નર્મદા કેનાલમાંથી ત્રણ મહિના દરમ્યાન ૨૩ મૃતદેહ બહાર કઢાયા

અમદાવાદ, તા.૪

રાજ્યભરમાં જાણીતી અને કલોલ તાલુકામાંથી પસાર થતી નર્મદા મુખ્ય કેનાલમાં કુદીને આપઘાત કરવાના બનાવોમાં ઉત્તરોતર વધારો થતો જોવા મળી રહ્યો છે. જિંદગીથી હતાશ થઈને મોતને વહાલું કરવા માટે નર્મદા કેનાલ કુખ્યાત થઈ ગઈ છે. આપઘાતના પ્રાપ્ત આંકડા અનુસાર કલોલ તાલુકાના ગામો જાસપુર, શેરીસા અને પિયજ ગામ પાસેથી પસાર થતી નર્મદા કેનાલમાંથી ત્રણ મહિના દરમિયાન ૨૩ મૃતદેહ બહાર કાઢવામાંઆવ્યા છે. આટલા મોટા પ્રમાણમાં આપઘાતના કિસ્સા સમાજ માટે ચિંતાપ્રેરક માનવામાં આવી રહ્યા છે. રાજ્યના સુકા પ્રદેશો સુધી નર્મદાનું પાણી પહોંચાડવા માટે નર્મદા કેનાલનું નિર્માણ કરવામાં આવ્યું હતું. જોકે, સમય જતા આ કેનાલનો ઉપયોગ આત્મહત્યા કરવા માટે પણ થવા લાગ્યો છે. રેઢી પડેલ કેનાલમાં જીવનથી ત્રાસી ગયેલા લોકો આવીને પડતું મુકતા હોય છે. કલોલ તાલુકાના જાસપુર, શેરીસા અને પિયજ પાસેથી પસાર થતી નર્મદા કેનાલ આત્મહત્યા કરનારાઓ માટે સ્યુસાઈડ પોઈન્ટ બની છે. આ કેનાલમાંથી સવિશેષ પ્રમાણમાં મૃતદેહ મળી આવતા હોય છે. વર્ષ ૨૦૨૩ના ફેબ્રુઆરી, માર્ચ અને એપ્રિલ એમ ત્રણ માસ દરમિયાન નર્મદા કેનાલમાંથી ૨૩ મૃતદેહ મળી આવ્યા હતા.

# મંગળ ગ્રહ ઉપર ૪,૦૦,૦૦૦ વર્ષ પહેલાં પાણીનું અસ્તિત્વ હોઈ શકે છે : ચાઈનીઝ રોવરે ગ્રહ ઉપર પાણીની પ્રવૃત્તિના સંકેતો નોંધ્યા

નવી દિલ્હી, તા.૪

વૈજ્ઞાનિકોએ પ્રથમ વખત મંગળના નાના ટેકરાઓ ઉપર તિરાડના એવા સ્તરોને શોધી કાઢ્યા છે, જે દર્શાવે છે કે આ લાલ ગ્રહ ઉપર ૪,૦૦,૦૦૦ વર્ષ પહેલાં પાણીનું અસ્તિત્વ હતું. બેઈજિંગમાં ચાઈનીઝ એકેડમી ઓફ સાયન્સના સંશોધકોએ ચીનના ઝુરોંગ રોવરના ડેટાનો અભ્યાસ કર્યો હતો. આ રોવર મે ૨૦૨૧થી મંગળના ઉત્તરી ગોળાર્ધમાં શોધખોળ કરી રહ્યું છે. તે તેની સપાટીની રચનાની તપાસ કરવા માટે યુટોપિયા પ્લેનિટીયા ક્ષેત્રમાં નજીકના ચાર અર્ધચંદ્રાકાર આકારના ટેકરાઓની નજીક ફરે છે. વૈજ્ઞાનિકોએ લાંબા સમયથી કહે છે કે મંગળ ઉપર લગભગ ત્રણ અબજ વર્ષ પહેલાં વિપુલ પ્રમાણમાં પ્રવાહી પાણી હતું. જો કે, આબોહવા પરિવર્તનને લીધે તેનો મોટાભાગનો હિસ્સો જામી ગયો હતો અને ગ્રહનો મોટો ભાગ સુકાઈ ગયો છે. વૈજ્ઞાનિકોએ નવી નીચા-તાપમાન વૃદ્ધિ અને ફેબ્રિકેશન ટેક્નોલોજી વિકસાવી છે જે 2D સામગ્રીને સિલિકોન સર્કિટ ઉપર સીધા જ એકીકરણની મંજૂરી આપે છે, જે ઘન અને વધુ શક્તિશાળી ચિપ્સ તરફ દોરી શકે છે. વિશ્વમાં AI એપ્લિકેશન્સ ચેટબોટ્સની માંગ વધી રહી છે, ત્યારે વધુ શક્તિશાળી કમ્પ્યુટર ચિપ્સની પણ માંગ વધી રહી છે. પરંતુ સેમિકન્ડકટર ચિપ્સ પરંપરાગત રીતે જથ્થાબંધ સામગ્રીથી બનાવવામાં આવે છે, જે બોક્સી 3D સ્ટ્રક્ચર છે. તેથી, ગાઢ સંકલન માટે ટ્રાંઝિસ્ટરના બહુવિધ સ્તરોને સ્ટેક કરવું ખૂબ મુશ્કેલ બની જાય છે. MIT સંશોધકોએ, નેચર નેનોટેકનોલોજી જર્નલમાં પ્રકાશિત તેમના સંશોધન કાર્યમાં, હવે એક નવી તકનીકનું નિદર્શન કર્યું છે જે 2D ટ્રાન્ઝિશન મેટલ ડિચાલ્કોજેનાઈડ (TMD) સામગ્રીના સ્તરોને અસરકારક રીતે એકીકરણ કરી શકે છે. સિલિકોન CMOS (પૂરક ધાતુ-ઓક્સાઈડ-સેમિકન્ડકટર) વેફર ઉપર 2D સામગ્રીને મૂકવી એ એક મોટો પડકાર છે કારણ કે આ પ્રક્રિયા માટે સામાન્ય રીતે લગભગ ૬૦૦ ડિગ્રી સેલ્સિયસ તાપમાનની જરૂર પડે છે, જ્યારે સિલિકોન ટ્રાન્ઝિસ્ટર અને સર્કિટ ૪૦૦ ડિગ્રીથી વધુ ગરમ થવા પર તૂટી જાય છે. હવે, MIT સંશોધકોની આંતરશાખાકીય ટીમે નીચા-તાપમાનની પ્રક્રિયા વિકસાવી છે જે ચિપને નુકસાન કરતી નથી. આ ટેક્નોલોજી 2D સેમિકન્ડકટર ટ્રાન્ઝિસ્ટરને પ્રમાણભૂત સિલિકોન સર્કિટની ટોચ ઉપર સીધા જ એકીકૃત કરવાની સુવિધા આપે છે. વિજ્ઞાનીઓએ યુએસમાં વ્યોમિંગમાં આશરે ૨૩૨ મિલિયન વર્ષો પહેલાના ચાંચવાળી ગરોળી જેવા પ્રાણીના અવશેષો શોધી કાઢ્યા છે. યુનિવર્સિટી ઓફ વિસ્કોન્સિન-મેડિસનના સંશોધકોએ ટ્રાયસિક યુગમાં કાંપના એક સ્તર હેઠળ આ અવશેષો શોધી કાઢ્યા હતા. પ્રારંભિક નમૂનાઓની સપાટીની રચના અને મોર્ફોલોજિકલ લાક્ષણિકતાઓ તુલનાત્મક ઉપયોગ માટે ખૂબ જ ઓછી હતી. ૧૨ નવા નમુનાઓના અનન્ય ડેન્ટલ મોર્ફોલોજીનો ઉપયોગ કરીને પેલિયોન્ટોલોજિસ્ટને ડાયવર્સિટી જર્નલમાં રાયક્રોસોરિયા સમુદાયના આ નવા પ્રાણીની પુષ્ટિ કરે છે. રાયન્કોસોર લુપ્ત શાકાહારી સરિસૃપનો સમૂહ છે. આ જૂથના સભ્યો તેમની ત્રિકોણાકાર ખોપરી અને વિસ્તરેલ ચાંચ જેવા પ્રીમેક્સિલરી હાડકાં દ્વારા અલગ પડે છે.

# ટાટની પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરાયો, ઉમેદવાર ઓનલાઈન ફોર્મ ભરી શકશે

## ધોરણ૯થી ૧૨માં શિક્ષક બનવા માટે ટાટ પરીક્ષા પાસ કરવાની હોય છે

ગાંધીનગર, તા.૪

ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ ગાંધીનગર દ્વારા ટીએટીની પરીક્ષાનો કર્યક્રમ જાહેર કર્યો છે. આ માટે રાજ્ય પરીક્ષા બોર્ડે જાહેરાત કરી છે. ટીએટી પરીક્ષાની તૈયારી કરતા ઉમેદવારો ઓનલાઈન ફોર્મભરી શકશે. આ વર્ષથી નવી શિક્ષણ નીતિ મુજબ ટીએટીની બે પરીક્ષા લેવામાં આવશે. ધોરણ૯થી ૧૨મા શિક્ષક બનવા માટે ટાટ પરીક્ષા પાસ કરવાની હોય છે. રાજયમાં શિક્ષક અભિરુચિ કસોટી ટીએટીની પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. રાજ્યમાં ટીએટીની પરીક્ષાની તૈયારી કરતા ઉમેદવારો ઓજસમાં ઓનલાઈન ફોર્મ ભરવા શકશે. ઉમેદવારો આગામી ૨૦મી તારીખ સુધી ફોર્મ ભરી શકશે. આ વર્ષથી શિક્ષકોની ભરતી માટે લેવાતી પરીક્ષાના માળખામાં ફેરફાર કરવામાં આવ્યો છે. નવી શિક્ષણ નીતિ પ્રમાણે હવે ટીએટીની બે પરીક્ષા લેવામાં આવશે. હવેથી પહેલી પરીક્ષા ક્લિયર કરનારને જ બીજી પરીક્ષામાં પ્રવેશ મળશે. સરકારે શિક્ષકોની ગુણવત્તામાં વધારો કરવા માટે પરીક્ષાની પદ્ધતિમાં ફેરફાર કર્યો છે. આ માટે શિક્ષણ વિભાગે પરિપત્ર જાહેર કર્યો છે. શિક્ષણ વિભાગના પરિપત્ર પ્રમાણે સરકારે નવી શિક્ષણ નીતિ અંતર્ગત શિક્ષકોની ભરતી માટે લેવાતી ટીએટીની પરીક્ષાના માળખામાં મહત્ત્વનો ફેરફાર કર્યો છે. શિક્ષકોની ગુણવત્તા વધારવા માટે હવે ટીએટીની પરીક્ષા બે વખત લેવામાં આવશે. પહેલાં પ્રિલિમનરી પરીક્ષા અને બાદમાં મુખ્ય પરીક્ષા લેવાશે. આ માટે શિક્ષણ વિભાગે ઠરાવ પસાર પણ કરી દીધો છે. હવેથી નવી શિક્ષણ નીતિ મુજબ બે પરીક્ષાઓ લેવામાં આવશે. પ્રિલિમનરી પરીક્ષા બહુવિકલ્પ હશે જ્યારે મુખ્ય પરીક્ષા વર્ણનાત્મક લેખિત પરીક્ષા લેવામાં યોજાશે.

# ૨૦૨૨માં અમેરિકામાં અભ્યાસ કરવા માટે જનાર ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો, ચીનના વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો : અહેવાલ

વોશિંગ્ટન, તા.૪

વર્ષ ૨૦૨૨માં પાછલા વર્ષની સરખામણીમાં ભારતના વધુ વિદ્યાર્થીઓ યુનાઈટેડ સ્ટેટ્સમાં ગયા છે અને ચીનની સંખ્યા ઓછી થઈ ગઈ છે. યુએસ ઈમિગ્રેશન અને કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટે તેના વાર્ષિક અહેવાલમાં જણાવ્યું હતું કે, ચીન અને ભારતના વિદ્યાર્થીઓની સંખ્યા એ એશિયન મૂળના સૌથી વધુ આવતા વિદ્યાર્થીઓ છે. કેલેન્ડર વર્ષ ૨૦૨૦થી ૨૦૨૧ના ઘટાડાની તુલનામાં, ચીનના ૨૦૨૧ (-૨૪,૭૯૬)ની તુલનામાં ૨૦૨૨માં ઓછા વિદ્યાર્થીઓ અહી આવ્યા છે જ્યારે ભારતના વધુ વિદ્યાર્થીઓ (+૬૪,૩૦૦) આવ્યા છે. સ્ટુડન્ટ એન્ડ એક્સચેન્જ વિઝિટર પ્રોગ્રામ (SEVP) મુજબ, ૨૦૨૧થી ૨૦૨૨ની વચ્ચે ગ્રેડ ૧૨ની શાળાઓ દ્વારા કિન્ડરગાર્ટનમાં નોંધાયેલા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની સંખ્યામાં ૭.૮ ટકાનો વધારો થયો છે. યુનાઈટેડ સ્ટેટ્સના તમામ ચાર પ્રદેશોમાં ૨૦૨૧થી ૨૦૨૨ દરમિયાન આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓના રેકોર્ડમાં વધારો જોવા મળ્યો હતો, જેમાં સંબંધિત વધારા સાથે ૮ થી ૧૧ ટકા સુધીનો વધારો થયો હતો. રોજગાર અધિકૃતતા દસ્તાવેજ (EAD) મુજબ ૧૧૭,૩૦૧ પૂર્વ અને પોસ્ટ-કમ્પલીશન ઓપ્શનલ પ્રેક્ટિકલ ટ્રેઈનિંગ (OPT) વિદ્યાર્થીઓ હતા અને જેમણે કેલેન્ડર વર્ષ ૨૦૨૨માં એમ્પ્લોયર માટે કામની શરૂઆત કરી હતી, તેમની સંખ્યામાં કેલેન્ડર વર્ષ ૨૦૨૧માં ૧૧૫,૬૫૧ની સરખામણીએ ૧.૪ ટકાનો વધારો થયો હતો. કેલેન્ડર વર્ષ ૨૦૨૨માં ૭,૬૮૩ SEVP-પ્રમાણિત શાળાઓ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની નોંધણી માટે પાત્ર હતી, જે ૨૦૨૧ (૮,૦૩૮ શાળાઓ)ની સરખામણીમાં ૪૦૦ શાળાઓમાં ઘટાડો છે. ૨૦૨૨માં, કેલિફોર્નિયામાં ૨૨૫,૧૭૩ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ આવ્યા હતા, જે કોઈપણ યુએસ રાજ્યના આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની સૌથી મોટી ટકાવારી (૧૬.૫ ટકા) છે. યુનાઈટેડ સ્ટેટ્સમાં ૨૦૨૨માં ૨૭૬,૭૨૩ સક્રિય એક્સચેન્જ મુલાકાતીઓ હતા જેની સરખામણીમાં ૨૦૨૧માં ૨૪૦,૪૭૯ સક્રિય એક્સચેન્જ મુલાકાતીઓ હતા જે ૧૫ ટકાનો વધારો દર્શાવે છે. આ રિપોર્ટમાં જણાવાયું છે કે કેલેન્ડર વર્ષ ૨૦૨૨માં તમામ સક્રિય SEVIS રેકોર્ડ્સમાં ૪૬ ટકા (૬,૨૧,૩૪૭) ચીન (૩,૨૪,૧૯૬) અથવા ભારત (૨,૯૭,૧૫૧) ના છે. એશિયામાંથી આવતા સક્રિય F-1 અને M-1 વિદ્યાર્થી રેકોર્ડ્સની એકંદર સંખ્યા કેલેન્ડર વર્ષ ૨૦૨૧થી કેલેન્ડર વર્ષ ૨૦૨૨ સુધી ૬૮,૬૭૮ વધી છે, જેમાં વિવિધ દેશોમાં વિદ્યાર્થીઓના રેકોર્ડના વલણો અલગ-અલગ દર્શાવે છે. યુનાઈટેડ સ્ટેટ્સમાં તમામ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓમાંથી સિત્તેર ટકા એશિયન છે. અન્ય એશિયાઈ દેશોમાંથી ગયા વર્ષની સરખામણીએ આ વર્ષે ઓછા વિદ્યાર્થીઓ આવ્યા છે તેમાં સઉદી અરેબિયા (-૪,૧૧૫), કુવૈત (૬૫૮) અને મલેશિયા (૪૦૩)નો સમાવેશ થાય છે.

# જૂનાગઢ શહેર ભાજપ પ્રમુખ પુનિત શર્માનો આજે જન્મદિવસ : શુભેચ્છાનો વરસાદ

જૂનાગઢ, તા.૪

જૂનાગઢ શહેર ભાજપ પ્રમુખ પુનિત શર્માનો આજે જન્મ દિવસ છે ત્યારે શુભેચ્છકો દ્વારા શુભકામના પાઠવવામાં આવી રહી છે. ભારતીય જનતા પાર્ટી જૂનાગઢ મહાનગરનાં પ્રમુખ પુનિતભાઈ શર્મા વિશે વાત કરતા ભારતીય જનતા પાર્ટી જૂનાગઢ મહાનગર મિડીયા વિભાગનાં સંજય પંડ્યા જણાવે છે કે એક વ્યકિત જે સમયને ધ્યાનમાં લીધા વિના લોકોની મદદ કરવા માટે હંમેશા તૈયાર રહે છે. લોકોની મદદ અને માર્ગદર્શન તેમને એક મહાન નેતા બનાવે છે અને તેઓ ઘણા લોકો માટે આદર્શ બની જતાં હોય છે, ખાસ કરીને જૂનાગઢના યુવાનો માટે આવાજ એક વ્યકિત એટલે કે, પુનિત શર્મા જેમનો જન્મ ૪ મેં ૧૯૭૨ના રોજ જૂનાગઢ મહાનગરમાં થયો હતા. પ્રાથમિક શિક્ષણ માટે તેઓએ જૂનાગઢની કોન્વેન્ટ શાળામાં અભ્યાસ લીધેલ, પછી માધ્યમિક શિક્ષણ માટે જૂનાગઢની વિવેકાનંદ હાઈસ્કૂલમાં ગયા અને ત્યાર બાદ, તેમણે બહાઉદીન આર્ટસ કોલેજ જૂનાગઢમાંથી બી.એ. કર્યુ અને સ્નાતકનું શિક્ષણ પૂર્ણ કર્યું.

અત્યંત મધ્યમવર્ગના પરિવારમાં ઉછરેલા પુનિત શર્માનાં વ્યવસાય વિષે વાત કરીએ તો તે બિલ્ડર અને લેન્ડ ડેવલપર છે. તેમના મદદગાર સ્વભાવથી લોકો અને દેશના વિકાસ વિષે પણ વિચારીને તેમણે તેમની રાજકીય સફરની શરૂઆત કરી. તેમના પિતાશ્રી બલબીર ક્રિષ્ના શર્મા અને માતા શ્રીમતી સુરિન્દર શર્માએ તેમની સફરમાં હંમેશા તેમને સાથ આપ્યો. તેમના નૈતૃત્ત્વના ગુણોની હંમેશા પ્રશંસા કરવામાં આવી હતી અને આનાથી એક મજબુત રાજકીય નેતા જૂનાગઢને મળ્યા છે. તેમની રાજકીય સફર જોઈએ તો પુનિત શર્માએ વર્ષ ૨૦૦૨માં તેમની રાજકીય સફર શરૂ કરી હતી, તે જૂનાગઢ મહાનગરના ભાજપ યુવા મોરચાના કાર્યકર્તા તરીકે ભાજપમાં જોડાયા હતા. ગમે તે સંજોગોમાં તેઓ જૂનાગઢના લોકોને મદદ કરવા હંમેશા તત્પર રહેતા અને આ જ કારણ છે કે તેઓ લોકોના અને જૂનાગઢનાં યુવાનો માટે પણ આદર્શ બની ગયા હતા. ૨૦૦૨માં ભાજપમાં જોડાયા બાદ તેઓ ૨૦૦૭માં જૂનાગઢ મહાનગર ભાજપના સેક્રેટરી બન્યા પછી ૨૦૦૮માં જનરલ સેક્રેટરી અને ત્યાર બાદ ૨૦૧૧માં ઉપપ્રમુખ તરીકે તેમની પસંદગી કરવામાં આવી હતી. બાદમાં ૨૦૧૪માં તેઓ પ્રથમ વખત ચૂંટણી લડ્યા અને તેઓ કોર્પોરેટર બન્યા અને ૨૦૧૭માં મહામંત્રી બન્યા. વર્ષ ૨૦૧૬ થી ૨૦૧૯ સુધી તેઓ જૂનાગઢ મહાનગરપાલિકાના શાશક પક્ષના નેતા હતા ત્યારબાદ બીજી વખત તેઓ ચૂંટણી લડ્યા હતા. ૨૦૧૯માં કોર્પોરેશનની ચૂંટણી હતી અને આ તેમના માટે અને હંમેશા તેમને ટેકો આપતા લોકો માટે ગર્વની ક્ષણ હતી તેઓ ચૂંટણી જીત્યા હતા. વર્ષ ૨૦૨૦ની ૯મી નવેમ્બર જ્યારે તેઓ જૂનાગઢ મહાનગર ભાજપના પ્રમુખ બન્યા હતા. તેમનાં આ સમય પહેલા અને પછી પણ જૂનાગઢ મહાનગરનાં લોકોએ પુનિતભાઈની સેવા જોઈ છે.

કોવિડના સમયની વાત કરીએ તો ત્યારે પણ આ વ્યકિતએ પોતાના જીવની કે પોતાના પરિવારની ચિંતા કર્યા વગર અનેક લોકોની જિંદગી બચાવી છે. કોવિડ પોઝિટિવ દર્દીઓની હાલત ગંભીર હોય તો પણ તેમનો હાથ ઝાલીને સારવાર કરાવતા લોકોએ જોયા છે. ભારતીય જનતા પાર્ટી દ્વારા સ્વામિનારાયણ મંદિર જવાહર રોડ ખાતે તાત્કાલિક આઈસોલેશન સેન્ટર ઉભું કરી ત્યાં પણ ૨૫૦થી પણ વધુ દર્દીઓને આ ભયંકર બિમારીમાંથી ઉગાર્યા છે. તાઉતે વાવાઝોડાની દિવ દરીયા કિનારેથી શરૂઆત થઈ અને તેના થોડા કલાકોમાં જ જૂનાગઢથી ઉના તાલુકાના ગામડાઓમાં સહાય આપવા માટે નિકળી જાય અને ત્યાંની ભયંકર પરિસ્થિતિ જોઈને તેમનું જે હૃદય દ્રવી ઉઠયું હતું તે અમે જોયું છે. કોઈપણ જ્ઞાતિ-જાતિનાં ભેદભાવ વગર હંમેશા દરેક વ્યક્તિને મદદરૂપ થવું તે જેમનો જીવનમંત્ર બની ચુક્યો હતો.

૨૦મી એપ્રિલ ૨૦૨૨ ના રોજ, તેઓ બિલ્ડર અને લેન્ડ ડેવલપર એસોસિએશન (CREDAI) જૂનાગઢ મહાનગરના પ્રમુખ બન્યા હતા. તેમણે કહ્યું કે "લોકોનો મારામાં વિશ્વાસ મને વધુ મજબૂત બનાવે છે અને તે મારા જીવનની સૌથી મોટી ઉપલબ્ધિ છે અને હું તેમનો આભારી છું. તેઓ માને છે કે બીજાઓને મદદ કરવી એ માત્ર જીવનની જવાબદારી નથી, પરંતુ તે જીવનને અર્થ આપે છે.

તેમનાં પ્રતિનિધિત્વમાં કેશોદ નગરપાલિકાની ચૂંટણીમાં પ્રભારી તરીકે સફળતા મેળવી હતી ત્યારબાદ ૮૬ જૂનાગઢ વિધાનસભા ચૂંટણીમાં ૪૨ હજાર મતની લીડ સાથે ભવ્ય વિજય અપાવી જૂનાગઢ મહાનગરમાથી એક કમળ ગાંધીનગર મોકલ્યુ હતું.

હંમેશા પક્ષ માટે જીવન સમર્પિત કરી રાષ્ટ્ર સેવામાં લીન રહેતા ભારતીય જનતા પાર્ટી જૂનાગઢ મહાનગરનાં પ્રમુખ પુનિતભાઈ શર્માનો આજરોજ જન્મદિવસ હોય ભારતીય જનતા પાર્ટી જૂનાગઢ મહાનગરનાં મહામંત્રી સંજયભાઈ મણવર, ભરતભાઈ શીંગાળા,



ગુજરાતભરમાંથી તેમનાં ચાહક મિત્રોએ સેવાનાં ભેખધારી પુનિતભાઈ શર્માને શુભકામનાઓ પાઠવી છે.

### સૌરાષ્ટ્ર ભૂમિનાં સ્થાપક તંત્રી સાથે ગાઢ મિત્રતા

સૌરાષ્ટ્ર ભૂમિનાં સ્થાપક તંત્રી સ્વર્ગસ્થ કાર્તિકભાઈ ઉપાધ્યાય સાથે પણ પુનિતભાઈને પારીવારીક સબંધો રહ્યા છે. સૌરાષ્ટ્ર ભૂમિ કાર્યાલય ખાતે એક વડીલ અને માર્ગદર્શક સાથે અનેક વખત જૂનાગઢ વિકાસનાં પ્રશ્નો ઉપર ચર્ચા કરવા બેઠા છે. પૂનિતભાઈના જન્મદિન પ્રસંગે સૌરાષ્ટ્ર ભૂમિ પરીવાર દ્વારા પણ શુભકામના પાઠવવામાં આવી છે.

# ગીર સોમનાથ વહીવટી તંત્ર દ્વારા જરૂરિયાતમંદ બાળકોને એજ્યુકેશન કીટનું વિતરણ કરાયું

## જીલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા સરકારશ્રીની અલગ અલગ યોજનાઓના પણ અપાયા લાભ

વેરાવળ, તા.૪

ગીર સોમનાથ જિલ્લા કલેકટર એચ.કે. વઢવાણિયાના માર્ગદર્શન હેઠળ CISS બાળકોને CSR (કોર્પોરેટ સોશ્યિલ રિસ્પોન્સિબિલીટી) ફંડમાંથી જીએચસીએલ કંપની ફાઉન્ડેશન સાથે સંકલન કરી જરૂરિયાતમંદ બાળકો માટે સ્કૂલ બેગ, પાણીની બોટલ, સાધનો સહિત કંપાસબોક્સ, નોટબૂક, ફુલ સ્કેપ ચોપડા, સ્કેચબુક, સ્કેચપેન, રાઈટિંગ પેડ સહિત સમગ્ર એજ્યુકેશન કીટનું અધિક કલેકટર બી.વી.લિંબાસિયા, નાયબ કલેકટર તેમજ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી અને જિલ્લા બાળ સુરક્ષા અધિકારી તથા સ્ટાફના હસ્તે વિતરણ કરાયુ હતું. ઉપરાંત તમામ બાળકો





અભ્યાસ કરી સતત પ્રગતીના પંથે ચાલે તેવી શુભકામનાઓ પાઠવી હતી.

આ સાથે જ જિલ્લા બાળ સુરક્ષા એકમના કર્મચારીઓ દ્વારા સર્વે કરી શેરીમાં વિચરતા બાળકો તેમજ ઝૂંપડપટ્ટીમાંથી કુલ ૨૪ કુટુંબોના ૫૬ બાળકો પૈકી ૩૦ છોકરા અને ૨૬ છોકરીઓ જેમના માતા-પિતા છૂટક ફેરી, લારી અથવા મજૂરી કરીને ગુજરાન ચલાવે છે તેવા કુટુંબોના બાળકોને ચિલ્ડ્રન લીવ ઈન સ્ટ્રીટ સિચ્યુએશનમાં સમાવેશ કરી જિલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા સરકારની અલગ અલગ યોજનાઓના લાભ આપેલ છે. જેમાં બાળકો તેમજ કુટુંબના આધારકાર્ડ, શ્રમકાર્ડ, રેશન કાર્ડ, આયુષ્માન કાર્ડ વગેરે યોજના માટે તેમના દસ્તાવેજો તૈયાર કરાવેલ અને રૂબરૂ કચેરી સ્ટાફ દ્વારા ફોર્મ ભરાવવામાં આવ્યા હતા.

# લોધીકા તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ મનોજ રાઠોડની રજૂઆતને સફળતા

## કાલાવડ રોડથી ન્યારી ડેમનો અત્યંત બિસ્માર રોડનું કામ શરૂ

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૪

મનોજ રાઠોડની સફળ રજૂઆત કાલાવડ રોડથી ન્યારી ડેમ સુધીનો જે રસ્તો અત્યંત બિસ્માર હાલતમાં હતો. આ રસ્તા ઉપર અવાર-નવાર ટ્રાફિકના લીધે અકસ્માત સર્જાતો હતો. પ્રજાજનોને ખુબ જ અગવડ પડી રહી હતી. રવિવાર અને બુધવારે ન્યારી ડેમ ઉપર રાજકોટ શહેરના પ્રજાજનો હરવા ફરવાનું સ્થળ હોવાથી ખરાબ રસ્તાને લીધે પ્રજા હાલાકીનો સામનો કરવો પડતો હતો. નર્મદાની પાણીની પાઈપલાઈનના ખોદકામના લીધે આ રસ્તા અત્યંત



બિસ્માર હાલતમાં થઈ ગયેલ હતો. જે અંગેની રાજકોટ જીલ્લા ભાજપ અ.જા.મોરચા પ્રમુખ તેમજ પૂર્વ પ્રમુખ લોધિકા તાલુકા પંચાયત મનોજભાઈ રાઠોડએ કમિશ્નરને રજૂઆત કરતા કમિશ્નરે આ બાબત તાત્કાલિક બિસ્માર રસ્તાનું કામ શરૂ કરેલ છે. જે અંગે મહાનગરપાલિકાના કમિશ્નર તેમજ રાજકોટ મહાનગરના ભારતીય જનતા પાર્ટીના પદાધિકારીઓનો આભાર માનેલ છે.

# તાલાલા, વેરાવળ અને સુત્રાપાડા તાલુકાના ગામડાઓમાં પીજીવીસીએલના દરોડા

## ૧૭૦ જેટલા વીજ જોડાણો ચકાસવામાં આવ્યાં હતા જે પૈકી ૮૦ વીજ જોડાણોમાં ગેરરીતિ માલૂમ પડતાં કુલ રૂા.૨૦.૭૪ લાખનો દંડ ફટકારવામાં આવ્યા

(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૪

છેલ્લાં કેટલાક સમયથી સૌરાષ્ટ્ર-કચ્છમાં વીજચોરીનું દૂષણ એટલું વ્યાપક બની ગયું છે કે પીજીવીસીએલને વર્ષે દહાડે કરોડો રૂપિયાનું નુકસાન ભોગવવાનો વારો આવે છે. નિયમિત ગ્રાહકોને ગુણવત્તાયુક્ત અને સાતત્યપૂર્ણ વીજપુરવઠો પૂરી પાડવાની કટિબદ્ધતા આડે આવા વીજચોરો અંતરાય બનીને ઊભા રહી જાય છે. પરિણામે વીજતંત્રને તેની રોજિંદી કામગીરી ઉપરાંત આવા તત્વો સામે ઝઝૂમવામાં સમય આપવો પડે છે. પીજીવીસીએલને કરોડોનો ચૂનો લગાવતા આવા વીજચોરો સામે વીજતંત્રે હવે લાલ આંખ કરી છે.

ગઈકાલે આવી જ ઈન્સ્ટોલેશન ચેકિંગ ડ્રાઈવના અનુસંધાને ગીર સોમનાથ જિલ્લાની વેરાવળ વિભાગીય કચેરી હેઠળની તાલાલા,પાટન, જીઆઈ ડીસી તેમજ પ્રાંચી પેટા વિભાગીય કચેરીઓ હેઠળના વિવિધ વિસ્તારોમાં એસ.આર.પી. સ્ટાફ તથા અન્ય સ્ટાફના ચુસ્ત બંદોબસ્ત હેઠળ ઈજનેરોની કુલ ૩૦ જેટલી વીજ ચેકિંગ ટીમો દ્વારા વીજચેકિંગની કામગીરી કરવામાં આવી હતી. આ દરમ્યાન રહેણાંક, વાણિજ્યિક, ખેતીવાડી વગેરે મળીને કુલ ૧૭૦ જેટલા વીજ જોડાણો ચકાસવામાં આવ્યાં હતા જે પૈકી ૮૦ વીજ જોડાણોમાં જુદાજુદા પ્રકારની ગેરરીતિ માલૂમ પડતાં કુલ રૂા.૨૦.૭૪ લાખની દંડનીય આકારણીના બિલ ફટકારવામાં આવ્યા હતા. નોંધનીય છે કે એપ્રિલ-૨૨ જાન્યુઆરી-૨૩ના સમયગાળા દરમ્યાન જૂનાગઢ વર્તુળ કચેરી હેઠળ કુલ ૨૬૬૨૯ વીજ જોડાણો ચકાસવામાં આવ્યાં છે, જેમાંથી કુલ ૨૮૯૯ વીજ જોડાણોમાં વિવિધ ગેરરીતિ સબબ કુલ રૂા.૭૫૧.૧૨ લાખની દંડનીય આકારણીના બિલ આપવામાં આવ્યાં છે. જ્યારે સમગ્ર પીજીવીસીએલ હેઠળ ઉપરોક્ત સમયગાળા દરમ્યાન કુલ ૫૬૯૧૬૮ વીજ જોડાણો ચકાસીને કુલ ૬૭૫૮૪ વીજ જોડાણોમાંથી ગેરરીતિ પકડી પાડી કુલ રૂા.૧૭૪.૮૮ કરોડના બિલ આપવામાં આવ્યાં છે. ઉલ્લેખનીય છે કે પીજીવીસીએલ દ્વારા તાજેતરમાં જ ભુજ અને અંજાર ઉપરાંત સૌરાષ્ટ્ર-કચ્છના અનેક સ્થળોએથી ખાનગી ટ્રાન્સફોર્મર દ્વારા થતી વીજચોરી પકડી પાડવામાં આવેલ છે અને સુરેન્દ્રનગર પંથકમાં આવેલી લાઈમસ્ટોન્સની અનેક ખાણોમાં ઓચિંતું ચેકિંગ કરીને કરોડો રૂપિયાની વીજચોરી પકડી પાડવામાં આવેલ છે. ઉપરાંત, મીઠાના અગરિયાઓ દ્વારા પણ મોટાપાયે વીજચોરી થતું હોવાનું ધ્યાને આવતા આવા તત્વો ઉપર પણ લગામ કસવામાં આવી છે. આગામી દિવસોમાં ચેકિંગની આ ઝુંબેશને વધુ વ્યાપક અને ગતિશીલ બનાવાશે તેવું વીજતંત્રના સૂત્રોએ જણાવ્યું છે. પીજીવીસીએલની આ કામગીરીને લીધે વીજચોરોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

# વેરાવળ-પાટણ નગરપાલિકા દ્વારા 'મોક્ષરથ' તેમજ 'નાગરિક સુવિધા કેન્દ્ર'નું લોકાર્પણ કરાયું

## લગ્ન નોંધ, મિલકતવેરા, વ્યવસાય વેરા, ગુમાસ્તાધારા જેવી વિવિધ સેવાકિય કામગીરી કરાશે

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૪

વેરાવળ-પાટણ સંયુક્ત નગરપાલિકા દ્વારા શહેરના વિકાસ માટે છેલ્લા અઢી વર્ષ દરમ્યાન વિવિધ પ્રોજેક્ટ ઉપર કામગીરી કરવામાં આવી રહેલ છે. જેના ભાગરૂપે વેરાવળ શહેરને નગરપાલિકા સંચાલિત સીટીબસમાં ફેરફાર કરી ૫.૦૦.૦૦૦ રૂપિયાના ખર્ચે 'મોક્ષરથ' તરીકે ઉપયોગમાં મૂકવામાં આવેલ છે. ઉપરાંત જીયુડીએમ દ્વારા નગરપાલિકાઓમાં આવેલ 'નાગરિક સુવિધા કેન્દ્ર'નું આધુનિકી કરણ કરી નવનિયુક્ત ચીફ ઓફિસર દેવેન્દ્ર પ્રકાશ મીણા (આઈએએસ) તેમજ વેરાવળ-પાટણ સંયુક્ત નગરપાલિકા પ્રમુખ પિયુષભાઈ ફોફંડી દ્વારા લોકાર્પણ કરવામાં આવેલ છે. આ નાગરિક સુવિધા કેન્દ્રમાં લગ્ન નોંધ, મિલકતવેરા, વ્યવસાય વેરા, ગુમાસ્તાધારા, સેવાકિય ફરિયાદો જેવી વિવિધ કામગીરી કરવામાં આવશે. જેનો પ્રજાજનોને લાભ લેવા અનુરોધ કરાયો છે. આ કાર્યક્રમમાં ચીફ



ઓફિસર ચેતનભાઈ ડુડિયા, ઉપપ્રમુખ કપિલભાઈ મહેતા, નિલેશભાઈ વિઠલાણી, બાદલભાઈ હુંબલ, કિશનભાઈ જેઠવા, હંસાબહેન પાબારી, ભાવિકાબહેન સવનિયા, દવેભાઈ સહિત ચૂંટાયેલા સદસ્યો તેમજ નગરપાલિકાનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

# નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩એ રિલાયન્સ મેટ સિટીને હરિયાણામાં આર્થિક વિકાસના નવા હબ તરીકે પરિવર્તિત કર્યું

## ૭૬ નવી કંપનીએ પોતાના એકમશરૂ કર્યા, ૧૨૦૦એ રેશિડેન્શિયલ પ્લોટ્સ ખરીદ્યા

મુંબઈ, તા.૪

હરિયાણા રાજ્યમાં ઉત્તર ભારતના સૌથી ઝડપથી વિકસતા એકીકૃત સ્માર્ટ સિટી, રિલાયન્સ મેટ સિટી માટે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ અત્યંત સફળ રહ્યું. આ વર્ષે શહેરનો ફલક ૪૫૦ કંપનીના આગમનથી વિસ્તર્યો છે, જેમાં સાત ભિન્ન રાષ્ટ્રની બહુવિધ બ્રાન્ડ્સ સંગાથે, વ્યક્તિગત ઘરો માટે ૨,૦૦૦થી વધુ રહેણાંક પ્લોટ વેચાયા હતા. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડની ૧૦૦% સબસિડિયરી, મોડલ ઈકોનોમિક ટાઉનશિપ લિમિટેડ (METL) દ્વારા મેટ સિટીને એકીકૃત સ્માર્ટ સિટી તરીકે વિકસાવાઈ છે. તેની માળખાગત સુવિધાઓ વૈશ્વિક ધારાધોરણો સમકક્ષ છે અને ગ્રાહકોને 'વોક ટુ વર્ક' પ્રસ્તુત કરે છે.

મેટસિટીના ઔદ્યોગિક સેગમેન્ટમાં ૭૬ નવી કંપનીઓનો ઉમેરો જોવા મળ્યો છે, જેના પગલે રૂા.૧,૨૦૦ કરોડ જેટલા રોકાણનું આગમન થયું છે અને આશરે ૮,૦૦૦ લોકો માટે રોજગારીની ક્ષમતાનું સર્જન થયું છે. નોંધપાત્ર વૈશ્વિક કંપનીઓ જેવી કે હમદર્દ, દક્ષિણ કોરિયાની બોડીટેક, જાપાનની નિહોન કોહડેન વગેરેએ તેમના એકમોની સ્થાપના કરી છે.

રેસિડેન્શિયલ સેગમેન્ટમાં ત્રણ તબક્કાના પ્લોટેડ ડેવલપમેન્ટની સફળતાપૂર્વક શરૂઆત કરાઈ હતી. ૧,૨૦૦થી વધુ નવા રહેણાંક ગ્રાહકોએ પ્લોટ ખરીદ્યા હતા જેના પગલે આ આંક કુલ ૨,૦૦૦ને પાર કરી ગયો છે.

આ વર્ષમાં મેટ સિટીએ NAREDCO દ્વારા પ્રતિષ્ઠિત 'બેસ્ટ ઈન્ટિગ્રેટેડ બિઝનેસ સિટી એવોર્ડ'અને ટીમ માર્ક્સમેન દ્વારા 'મોસ્ટ ટ્રસ્ટેડ બ્રાન્ડ ઓફ ધ યર'ના એવોર્ડ જીત્યા હતા. આ એવોર્ડ અમારી બ્રાન્ડમાં હિસ્સાધારકોના વિશ્વાસની સાક્ષી પૂરે છે.



પિતાજી, જો તમે મારી બા સાથે ઝગડો કરશો તો હું તેને લઈ નાનાને ઘરે જતો રહીશ !



ઘરમાં રહીને હવે બાળકો આપણી પરીક્ષા લેવા માંડયા છે !

# જૂનાગઢનાં નરસિંહ સરોવરનાં બ્યુટીફીકેશનમાં કરોડોનો ભ્રષ્ટાચાર ?

## કરોડોની કિંમતી જમીન વગ ધરાવતા બિલ્ડરને આપી દેવાનો થઈ રહેલો કારસો : પૂર્વ નગર સેવક અનીલ ઉદાણીએ મેયર અને કમિશ્નરને પાઠવ્યો પત્ર



જૂનાગઢ તા. ૪

જૂનાગઢનાં નરસિંહ મહેતા સરોવરનાં બ્યુટીફીકેશનની ચાલતી કામગીરીમાં કરોડોનો ભ્રષ્ટાચાર આચરવામાં આવી રહ્યાનાં આક્ષેપો કરવામાં આવી રહયા છે. આ ઉપરાંત એક જાણીતા અને વગ ધરાવતા બિલ્ડરને કરોડોની કિંમતી જમીન આપવાની ચોંકાવનારી હિલચાલ સામે પણ વિરોધ ઉઠવા પામેલ છે. પૂર્વ નગર સેવક અનીલ પી. ઉદાણીએ આ બાબતે મનપાનાં કમિશ્નર અને મેયરને એક પત્ર પાઠવી અને વિસ્તૃત હકીકતો દર્શાવતા સનસનાટી મચી જવા પામી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગત અનુસાર જૂનાગઢ શહેરની મધ્યમાં આવેલા નરસિંહ મહેતા સરોવરનાં બ્યુટીફીકેશનનો મુદ્દો શહેરભરમાં ટોક ઓફ ધી ટાઉન બનેલ છે. કારણ કે મનપાનાં શાસકો દ્વારા બ્યુટીફીકેશનની જે કામગીરી કરવામાં આવી રહી છે. તેમાં અનેક વાંધા વચકા આક્ષેપો સાથે ભ્રષ્ટાચાર આચરી અને મોટું નાણાંકીય કૌભાંડ થઈ રહયું હોવાનાં આક્ષેપો કરવામાં આવી રહયા છે. લોકોમાં ઉઠવા પામેલા બ્યુટીફીકેશન અંગેનાં પ્રશ્નોનું નિરાકરણ ત્યારે જ આવી શકે જયારે મનપાનાં શાસકો ખુલ્લા મંચે જનતા સમક્ષ પારદર્શિતા દર્શાવી શકે. આ દરમ્યાન જૂનાગઢનાં પૂર્વ નગરસેવક અનિલ પી. ઉદાણીએ મનપાનાં મેયર તથા કમિશ્નરને એક વિસ્તૃત પત્ર પાઠવી અને કેટલીક ચોંકાવનારી વિગતો દર્શાવી છે. જેમાં સરકાર દ્વારા રૂા. ૬૦ કરોડનાં ખર્ચે નરસિંહ મહેતા સરોવરનાં બ્યુટીફીકેશન માટેનો નકશો મંજુર કરવામાં આવેલ છે એ નકશો આજ દિવસ સુધી સત્તાધિશોએ જાહેર કર્યો નથી. અને આ નકશો પ્રજા સમક્ષ મુકવા માંગણી કરવામાં આવી છે. અનીલ પી. ઉદાણીએ આ પત્રમાં રજુઆત કરતા જણાવેલ છે કે લાંબા સમયથી મેયર તથા સંકલન સમીતી અને ધારાસભ્ય દ્વારા પ્રેસ મીડીયા તથા પ્રેસ પ્રતિનિધિઓને જાણ કરેલ છે કે ટુંક સમયમાં આ અંગેની માહિતી આપશું. પરંતુ આ માહિતી આજ દિવસ સુધી અમોને આપવામાં આવી નથી. જેથી નરસિંહ મહેતા સરોવરનાં બ્યુટીફીકેશન માટેનો જે નકશો મંજુર થયેલ તે જાહેર જનતા સમક્ષ મુકવો આ ઉપરાંત અનીલ પી. ઉદાણીએ ચોંકાવનારી હકીકત આ પત્રમાં જણાવેલ છે અને તેમનાં કહેવા મુજબ ઝાંસીની રાણીનાં પુતળાની સામે જે મોટી હવેલીની જગ્યા જે ગેરકાનુની રીતે લીધેલ છે. અને આ જગ્યામાંથી શહિદ પાર્ક પછી રોયલ પાર્કની સામે ૨૦ ફુટ જગ્યા આપવાની માહિતી પણ મળી રહી છે. આ ૨૦ ફુટ જગ્યાની અંદાજીત કરોડો ઉપર થાય છે. જૂનાગઢનાં એક ખુબજ વગ ધરાવતા એક બિલ્ડરને એક મોટી જમીન કરોડો રૂપિયાનું નાણાંકીય વ્યવહાર લઈને આપી દેવાની હીલચાલ થઈ રહી છે. અને મોટુ જમીન કૌભાંડ મનપા દ્વારા થઈ રહયું હોવાનો આક્ષેપ અનીલ પી. ઉદાણીએ કર્યો છે. અને આ બાબત સત્ય હોય તો શરમજનક કહેવાય. અને તાત્કાલીક અસરથી નરસિંહ મહેતા બ્યુટીફીકેશન બાબતે સ્પષ્ટતા કરી અને જાહેર જનતાનાં હિતમાં સમગ્ર હકીકત મનપાનાં શાસકોએ લોકો સમક્ષ મુકવી જોઈએ તેમ અનીલ પી. ઉદાણીએ જણાવેલ છે.

# જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રભરમાં લગ્નગાળાની સીઝનનો થયેલ શુભારંભ

## ગોરમહારાજનાં વૈદિક મંત્રોચ્ચાર અને કન્યા પધરાવો સાવધાન... નો ગુંજારવ લગ્ન મંડપમાં ગુંજી ઉઠયો : લગ્નવિધિ કરતા ગોરમહારાજ, વસ્ત્ર બજાર, સોના બજાર, મંડપ, કેટરર્સથી લઈ પાર્ટીપ્લોટો, વાડીઓ ભરચકક : બજારોમાં તેજીનો દોર




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૪

જૂનાગઢ સહિત સમગ્ર સૌરાષ્ટ્રભરમાં મે માસનાં પ્રારંભ સાથે જ લગ્નગાળાની સીઝન શરૂ થઈ છે અને એકલા જ મે મહીનામાં જ ૧૭ જેટલા લગ્નનાં મુહુર્તો છે. આ ઉપરાંત જુન માસમાં પણ ૧૧ જેટલા લગ્નનાં મુહુર્તો તેમજ શુભકાર્યોનાં મુહુર્તો આવેલા હોય લોકો ઘર આંગણે શુભ પ્રસંગોની મોજ માણી શકશે. આ સાથે જ લગ્નગાળાની મૌસમ શરૂ થતાં જ બજારમાં પણ તેજીનો દોર શરૂ થઈ ચુકયો છે. અને લોકો લગ્ન સમારોહ માણવા સજ્જ બની ગયા છે.

વૈશાખ સુદ-૮ મે શુક્રવાર તા. ૨૮-૪-૨૩નાં દિવસે ગુરૂગ્રહનો ઉદય થવાથી લગ્ન, જનોઈ, વાસ્તુ તેવા શુભ કાર્યોની શરૂઆત થઈ છે. આ વર્ષે ગુરૂગ્રહનો અસ્ત હોવાથી લગ્નનાં મુહુર્તની શરૂઆત ૨ મેથી શરૂ થઈ છે. આ વર્ષે મે મહીનામાં એટલે કે ચાલુ મહીનામાં ૧૭ જેટલા લગ્નનાં મુહુર્ત છે. જયારે જુન માસમાં ૧૧ જેટલા લગ્નનાં મુહુર્ત છે. અને તા. ૨૯-૬-૨૩થી ચાતુર્માસનો પ્રારંભ થશે. તા. ૨૩-૧૧-૨૩ સુધી ચાતુર્માસ રહેશે. અને દિવાળી પછી નવેમ્બર મહીનામાં ૨૭, ૨૮, અને ૨૯ તેમજ ડીસેમ્બર મહીનામાં તા. ૬, ૭, ૮, ૧૪, અને ૧૫ તારીખે લગ્નનાં શુભ મુહુર્તો છે. મે માસમાં લગ્નનો શુભારંભ થઈ ગયો છે. મે અને જુન માસમાં જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં લગ્ન પ્રસંગો, જનોઈ, વાસ્તુ સહિતનાં પ્રસંગો યોજવામાં આવી રહયા છે. લગ્નગાળાની મૌસમ શરૂ થાય એટલે લગ્ન ગીતો ગવાય, શરણાઈ અને ઢોલનાં નાદે ગુંજી ઉઠે. વાજતે ગાજતે સામૈયાનો પ્રસંગ થાય અને હાલ કેટલાક સમય થયા ડીજેનાં તાલે લગ્નનાં ગીતો ગવાતા હોય, દાંડીયા રાસનાં કાર્યક્રમો થતા હોય અને લગ્ન સમારંભનાં ભવ્ય કાર્યક્રમો યોજવામાં આવી રહયા છે. શ્રીમંત, ગરીબ કે સામાન્ય માણસ દરેકનાં ઘરે આજે લગ્નનાં મુહુર્તો આવતા હોય અને લગ્નનો પ્રસંગ શકિત પ્રમાણે ઉજવવામાં આવતો હોય છે. સાજન-માજન સાથે વર-કન્યાને લગ્નનાં ગીતો વચ્ચે અને ગોરમહારાજ દ્વારા વૈદીક મંત્રોચ્ચાર સાથે સપ્તપદીનાં સાત ફેરા ફેરવી અને જીંદગીભરનાં તાંતણે બાંધી લેવામાં આવતા હોય છે. લગ્નનો આ પ્રસંગ આપણે ત્યાં દરેક સમાજમાં આનંદ ઉત્સાહ અને ગૌરવભેર ઉજવાતો હોય છે. સગા-વ્હાલા, પાડોશી અને મિત્રો તેમજ સ્નેહીજનોની હાજરી વચ્ચે દિકરા-દિકરીઓનાં શુભ પ્રસંગોને ભવ્ય રીતે ઉજવવામાં આવે છે. લગ્નસરાની મૌસમ શરૂ થતાં જ બજારોમાં પણ તેજીનો દોર શરૂ થયો છે. શાકભાજી, પાર્ટી પ્લોટો, વાંજીત્રો, ડીજે, કર્મકાંડ અને લગ્ન પ્રસંગોએ ગોરમહારાજનો પણ ખાસ આર્શિવાદ લેવામાં આવતા હોય છે. અને વિદ્વાન બ્રહ્મદેવો લગ્નવિધિ કરાવતા હોય છે. આ ઉપરાંત વાડી, પાર્ટી પ્લોટો, કેટરર્સ, ડેકોરેશન, મંડપ સર્વિસ સહિતનાં વિવિધ માર્કેટોમાં દિવસો થયા બુકીંગ થઈ ગયા છે. અને સૌ કોઈ પોતાનાં આંગણે યોજાતા લગ્ન સમારંભને માણવા ઉત્સાહથી અધીરા થયા છે. જાજેરી જાન યોજવામાં આવતી હોય છે. અને વર-કન્યાનાં મંગળ ગીતો વચ્ચે પોખણા થતા હોય છે. શહેરી વિસ્તારોમાં તો વાડી અને પાર્ટી પ્લોટોમાં લગ્ન સમારંભો યોજાતા હોય છે. જયારે ગ્રામ્ય વિસ્તારોમાં આજે પણ કોઈપણ લગ્ન પ્રસંગ હોય તેમાં સમગ્ર ગામ લોકો આ કાર્યમાં જાણે પોતાનાં આંગણે જ વિવાહનો પ્રસંગ હોય તે રીતે લગ્ન સમારોહમાં જોડાઈ અને આનંદપૂર્વક લગ્નને સંપન્ન કરતા હોય છે. જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રભરમાં લગ્નસરાની મૌસમની સાથે જ લગ્નનાં મંગળ ગીતોનો ગુંજારવ સંભળાઈ રહયો છે. અને તમામ માર્કેટમાં તેજીનો દોર શરૂ થયો છે.





# જૂનાગઢમાં BAPS મંદિર પાટોત્સવની ઉજવણી પ્રસંગે લોકગાયક ડો. નિર્મળદાન ગઢવી દ્વારા ડાયરાની રમઝટ







(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૪

**BAPS** સ્વામિનારાયણ મંદિરના ૧૭માં પાટોત્સવપર્વના તૃતીય દિવસ ૩ મે મંગળવારની રાત્રે, મંદિરના ગુણાતીત સભા હોલમાં હકડેઠઠ ભક્તજન મેદની હર્ષ ઉલ્લાસ સાથે ડાયરાના રંગે રંગાઈ ગઈ હતી. ગુજરાતના પ્રસિદ્ધ લોકસાહિત્યકાર, લોકગાયક નિર્મળદાન ગઢવીજીએ ખાસ પર્વ ઉપર પધારીને "પ્રમુખ વંદના" શીર્ષક હેઠળ હજારો ભક્તજન મેદની તથા અગ્રગણ્ય મહાનુભાવો અને મોટી સંખ્યામાં સંતો વચ્ચે ડાયરાનો રંગ જમાવી દીધો હતો. રાત્રે ૯ થી ૧૨ એમ સતત ત્રણ કલાક સુધી નિર્મળદાન ગઢવીએ પોતાના પહાડી કંઠે પ્રમુખસ્વામી મહારાજનાં યશોગાન અને લોકસાહિત્ય પીરસ્યું હતું.

અત્રે નોંધનીય છે કે ડો. નિર્મળદાન ગઢવીજી ચરોતરના મોરડ ગામે ગવર્મેન્ટ સ્કૂલના પ્રિન્સિપાલ છે અને વિશેષમાં પદ્મશ્રી દુલાભાયા કાગના જીવન-કવન ઉપર તેમણે **PHD**ની ડોક્ટરેટ ડિગ્રી હાંસલ કરી છે. કાગવાણીના ઘણા એપિસોડ ગુજરાતની ચેનલો ઉપર તેમના કંઠે રજૂ થયા છે. નિર્મળદાન ગઢવીજીએ પોતાની રજૂઆતમાં "ડાયરાની વ્યાખ્યા" કરતા જણાવ્યું હતું કે " જે સત્ય અને સંસ્કાર પીરસે , છીછરૂ હાસ્ય નહીં પણ જીવનના મર્મ અને ધર્મને વણીને હાસ્યરસ પીરસે, જ્યાં લોક પોતાના પરિવાર બાળકો સાથે બેસીને સંસ્કાર કે દેશભક્તિના વિચારો લઈને જાય તેવું આનંદમય હાસ્ય પીરસે તેને ડાયરો કહેવાય. " આ પ્રસંગે તેમણે દુલાભાયા કાગને પણ યાદ કરીને સ્મૃતિ કરી હતી કે જ્યારથી તેમના જીવનમાં યોગીજી મહારાજનો યોગ થયો ત્યારથી તેમણે અન્ય કવિત્ લખવાના બંધ કરી દીધા. અને ગાયું કે "જોગી જોયા જોવાનું કંઈ નવ રહ્યું રે" તેમણે કાક બાપુનું "આવકારો મીઠો આપજે રે.. " કાવ્ય લલકારીને સહુના મન રંજન દીધા હતા. તેમણે પ્રમુખસ્વામી મહારાજનાં ચરણે સ્મૃતિ અંજલી અર્પતા પોતાના સ્વાનુભાવો વર્ણવતા કહ્યું હતું કે " પ્રમુખસ્વામી બાપા પત્રો દ્વારા પણ સૌની મૂંઝવણ ઉકેલી દેતા અને તેઓ આશીર્વાદ આપતા તે સત્ય ઠરતા. પ્રમુખસ્વામી મહારાજે વિશ્વમાં ૧૩૦૦ ઉપરાંત મંદિરો રચીને આપણી સંસ્કૃતિ અને સંસ્કાર બચાવ્યા છે. ભણેલા ગણેલા ઊચ્ચ ડિગ્રી વાળા ૧૧૦૦ ઉપરાંત નવયુવાનોને સાધુ બનાવીને ગામડે ગામડે તેમની જેમ જ લોકોને વ્યસન મુક્ત કરવા, સમાજ શુદ્ધ કરવા, સમાજમાં પુરૂષાર્થ કરવા મૂકી દીધા. આ કેટલી અસામાન્ય વાત કહેવાય ! " નિર્મલદાન ગઢવીજીના "પ્રમુખ વંદના" ડાયરાના મધ્યાન્તરે પ્રમુખસ્વામી મહારાજના ૪૦ વર્ષ સુધી હમસફર રહ્યા એવા સદગુરૂ સંત પૂજય વિવેક સાગર સ્વામીએ 'સંગીત અને જીવન સંગીત' ના વિચાર મર્મ સાથે સુંદર પ્રવચન કર્યું હતું અને નિર્મળદાનજી ગઢવીને સાલ ઓઢાડી, સન્માન કરીને બિરદાવીને આશીર્વાદ આપ્યા હતા. આ પ્રસંગમાં સંસ્થાના અન્ય સદગુરૂ સંત પૂજય ઘનશ્યામ ચરણ સ્વામી પણ ઉપસ્થિત રહ્યા હતા તથા જુદા જુદા મંદિરના કોઠારી સંતો પણ ઉપસ્થિત રહ્યા હતા.

### તાલુકા સહકારી ખરીદ વેંચાણ સંઘ લી.ની ચૂંટણીમાં

# કોંગ્રેસના પીઢ અગ્રણી તેમજ સહકારી ક્ષેત્રના મહારથી કિશોરભાઈ હદવાણીની પેનલનો ભવ્ય વિજય



(મહેન્દ્ર નાગ્રેચા દ્વારા)

બિલાખા તા.૪

જૂનાગઢ તાલુકાની અગ્રગણ્ય સહકારી સંસ્થા એટલે કે જૂનાગઢ તાલુકા સહકારી ખરીદ વેંચાણ સંઘ લી.ની બોર્ડ ઓફ ડિરેકટરની મુદત પુર્ણ થતા ચૂંટણીની કાર્યવાહી મામલતદાર (ગ્રામ્ય) જૂનાગઢના નેજા હેઠળ હાથ ધરવામાં આવી હતી. આ ચૂંટણીમાં વર્તમાન પ્રમુખ તેમજ કોંગ્રેસના પીઢ અગ્રણી અને સહકારી ક્ષેત્રના મહારથી કિશોરભાઈ હદવાણી પ્રેરીત છ સભ્યની પેનલ તથા અન્ય ચાર એમ કુલ દસ ફોર્મ ભરાયેલા હતા અને ફોર્મ ખેંચવાની અંતિમ તારીખે ત્રણ ફોર્મ જેમાં નંદલાલભાઈ પોશીયા, ધીરૂભાઈ ઠુંમર તેમજ પ્રવિણભાઈ પટોળીયાએ પરત ખેંચી લેતા સાત સભ્યોના બોર્ડમાં જયસુખભાઈ વી. ડાવરીયા, હર્ષદભાઈ આર. ફળદુ, રણછોડભાઈ એન. ઠેસીયા, કિશોરભાઈ જી. હદવાણી, રાજેશભાઈ એલ. ભાદરકા, કચરાભાઈ ડી. સુવાગીયા, પ્રવિણભાઈ એમ. લુણાગરીયા બિનહરીફ ચુંટાયેલા જાહેર થતા ચુંટાયેલા સભ્યોને સહકારી આગેવાનો તેમજ શુભેચ્છકોએ અભિનંદન પાઠવ્યા હતા.

# જૂનાગઢ જિલ્લા જેલમાં કેદીનો આપઘાતનો પ્રયાસ : સારવાર હેઠળ





જૂનાગઢ તા.૪

જૂનાગઢ જિલ્લા જેલમાં ઉના ગામના રઘુ રવિ બામભાડીયા ઉમર ૨૬ લૂંટના ગુનામાં આવેલ હોય બાદમાં તેના ઉપર ગુજ સી ટોક અંગેનો પણ ગુનો દાખલ થયેલ છે દરમ્યાન રઘુ રવિ બામભડીયાએ આજે સવારે કોઈ પણ કારણસર અચાનક બ્લેડવડે ગળા અને હાથ ઉપર જીવલેણ ઈજા કરી આપઘાતનો પ્રયાસ કરતા તેને લોહીલોહાણ હાલતમાં સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ જવામાં આવેલ જ્યાં આઈસીયુ વોર્ડમાં દાખલ કરવામાં આવેલ છે જેલ અધિકારી એચ ઓ વાળા વગેરે હોસ્પિટલ ખાતે દોડી આવેલ છે. આ બનાવ અંગે વધુ વિગત મેળવાઈ રહી છે.

## જૂનાગઢ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝની કારોબારીની આજે બેઠક

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૪

જૂનાગઢ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝની કારોબારી સમિતિની બેઠક તા. ૪-૫-૨૩ના રોજ સાંજે પાંચ વાગે યોજાવાની છે. જેમાં રેલ્વેને લગતા પ્રશ્નો, રજૂઆતો કે સુચનો અંગે ચર્ચા થવાની છે. ચેમ્બરના મંત્રી સંજયભાઈ પુરોહિત કે જે પશ્ચિમ રેલવેની કમિટીના પણ સભ્ય હોય તમામ રજૂઆતો અને પ્રશ્નોનું સંકલન કરી યોગ્ય સ્થાને રજુ કરશે તો જે કોઈ લોકોને રેલ્વે અંગેની રજૂઆત કે પ્રશ્નો હોય તે લેખીત સ્વરૂપે સાથે લાવી ચેમ્બર ઓફ કોમર્સની ઓફીસે જયશ્રી સિનેમા પાસે આ મીટિંગમાં હાજરી આપવા નિમંત્રણ અપાયું છે.

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
MI-GL
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૯૫૦૦ થી શરૂ
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.પી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.